Chapter- 8

## પ્રકરણ : ૮

## અન્ય સામયિકો

ન્યૂઝ પેપરો આપણે ઠીક ઠીક ખીલવ્યા છે પણ વિચાર પત્રો- ન્યુઝ પેપર્સ એટલે કે રાજકારણ, અર્થકારણ, સમાજશિક્ષણ, વ્યાપાર, સાહિત્ય, સંસ્કાર આદિ ક્ષેત્રનાં ચાલુ બનાવો પ્રશ્નો ને સમસ્યાઓની ચર્ચા કરતા, તેની ગૂંચો ઉકેલાતા, તેની બદીઓ સામે પ્રબળ ઝુંબેશ ઉઠાવતા, ચાતરી જતી પ્રજાનો કાન પકડીને તેને ઠેકાણે લાવતા અને તેના સંકટ કાળે તેને હૈયાધારણ આપી તેના ખમીરને ઉત્તેજીત કરીને સંકટમાંથી મુકત થવાની સૂઝ અને શકિત પ્રકટાવતા તથા પ્રગતિનો માર્ગ બતાવતા પત્રો આપણે ત્યાં કેટલાં ? 'નવજીવન' અને'હરીજનબંધુ' વિલીન થયા પછી પ્રકટેલું 'સત્યાગ્રહ' વિનોબા વિચારસરણીનું પુરસ્કાર 'ભૂમિપુત્ર' તથા 'પ્રબુધ્ધ જીવન' એ દિશામાં પોતપોતાની મર્યાદાઓ સાથે મથી રહ્યા છે ખરા પણ ઇંગ્લેન્ડનાં ' ન્યૂ સ્ટેઈટસ્મેન', 'સ્પેકટ્ટેટર', 'ઈકોનોમિસ્ટ', અમેરિકાનાં 'ન્યૂ રિપબ્લિક' કે 'સર્વે ગ્રાફિક' આદિ જેવાં અથવા 'ટાઈમ' કે 'ન્યૂસવીક' જેવું પણ સંગીન કામ કરતાં સામયિકો કેટલાં ?

અંગ્રેજીમાં જેને 'પીરીઓડીકલ્સ વીથ અ પેર્પઝ' અથવા પ્લાનેડ પીરીઓડીકલ્સ કહે છે એવા હેતુલક્ષી અને ચોકકસ આયોજનપૂર્વક ચાલનારા સંગીન સામયિકો માસિકો, ત્રિમાસિકો કેટલાં ? અથવા બીજી બાજુએ સાહિત્ય અને સંસ્કારનાં ક્ષેત્રમાં નવનિર્માણ કરનારાં સમર્થ પણ પોતાની જાતને નમ્રતાપૂર્વક 'લિટલ મેગેઝીન્સ' કહેડાવનારા સર્જન અને વિવેચનનાં, અભ્યાસ અને આલોચનાનાં પત્રો કેટલા ?

– બચુભાઈ રાવત (પરિષદ. ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૩ મુ સંમેલન (૧૯૬૫) પૃ. ૯૧-૯૨)

(૧) સામયિક પત્રોનો ધસમસતો પ્રવાહ :

'વીસમી સદી' ના પ્રારંભગાળાથી સામયિક પ્રવાહમાં અને સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રે જે નવી દિશાઓ સાંપડી એમની પ્રભાવક અસર સમગ્ર ગુજરાતમાં અને ગુજરાત બહારના પ્રદેશોમાં પણ લાંબાગાળા સુધી રહી. સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક દ્રષ્ટિએ નવા પ્રસ્થાનો સ્થાપવા અનેક સર્જકોને આ સમયાવધિ પ્રેરણાદાયી રહી. નવજાગરણનો આ આખોયે સમયગાળો નવા નવા સામયિકોના જન્મના અને પ્રકાશિત થતા સામયિકોને ટકાવવાના પુરૂષાર્થરૂપ લેખી શકાય પંડિતયુગમાં પ્રકટ થયેલા અનેક સામયિકો સાક્ષારી પત્રકારત્વમાંથી શુધ્ધ સાહિત્ય પ્રત્યે અભિમુખ થવાના પ્રામાણિક પ્રયત્નો કર્યા હતા. સુધારક યુગથી શરુ થયેલી સામયિક પ્રવૃત્તિએ પંડિતયુગની નવી કેળવણી અને ઉંચા આદર્શો પચાવ્યા. ગાંધીજીનું આગમન થતા પત્રકારત્વની અનેક શકયતાઓ ઉઘડી આવી. અસહકારની પ્રવૃત્તિ, સત્યાગ્રહ અને વિદેશી સત્તા સામેના પ્રબળ આંદોલન પ્રવાહ સાથે આ સમયગાળાના સામયિકોએ તાટસ્થ્ય પૂર્વક એ પ્રવૃત્તિઓને અવલોકી પરંતુ પોતાના સામયિકના જે ધ્યેય-આદર્શો એમણે ઘડયા હતા એમને આ પ્રભાવક પરિસ્થિતિમાં ઘસડયા વિના આત્મસાત પણ કર્યા. આને કારણે સાહિત્યિક સામયિકોનો આદર્શ સચવાઈ રહયો એમનો સાહિત્યિક પત્રકારત્વની ભૂમિકા સાથે ઉદ્દભવેલી રાષ્ટ્રીય અસરોથી આ સામયિકો અછૂત પણ ~~ન રહયા.~~ સર્જનના વિષયો અને વિચારોની દિશા જરુર બદલાઈ તે છતાં સામયિકનું સાહિત્યિક વિત્ત અને સાહિત્ય તરીકેની પ્રકટ મુદ્રા ઝાંખી થઈ નથી. સામયિકોનો આ વિશેષ એ સમયના મોટાભાગના સામયિકોમાંથી શોધી શકાય.

૧૯૨૦ ના પ્રારંભથી જુદાં જુદાં વિષયને સ્પર્શતા અને તજ્જ્ઞો ધ્વારા શરુ થયેલા સામયિકપત્રોનો પ્રવાહ એટલો વેગવાન સ્વરૂપે ગુજરાતમાં પ્રસરે છે કે ખબરદારને લખવુ પડેલું :'' માસિકોનું સાંહિત્યતો કૂદકા મારતું આગળ ધપે છે કવિ દલપતરામે એક ઠેકાણે ઉંટવૈદોની ટકોર કરતા લખ્યું કે :'' પથરો લેવા જયાં નમુ, આવે વૈદ જ હાથ' એમ હાલતો નવો માસ ઉપડયો કે તેની સાથે કોઈક નવું માસિક જાણે હાથ આવેલું જ છે''[૧] આ વિધાનનું સમર્થન લક્ષ્મીચંદ ડોસાભાઈ શાહે આપેલી માહિતી

પરથી પ્રાપ્ત થાય છે. કે ૧૯૨૬-૨૭માં આશ્ચર્ય આપે એટલા માસિકો-ત્રૈમાસિકોનો ફેલાવો જે રીતે જોવા મળે છે તેનો વિકાસક્રમ તેઓ નીચે મુજબ દર્શાવે છે. [૨]

| સાલ | છાપખાના | વર્તમાનપત્રો | માસિક-ત્રિમાસિકો વગેરે. |
|---|---|---|---|
| ૧૮૯૧-૯૨ | ૧૬૪૯ | ૬૦૨ | ૩૪૯ |
| ૧૯૦૧-૦૨ | ૨૧૯૩ | ૭૦૮ | ૩૭૫ |
| ૧૯૧૦-૧૧ | ૨૭૫૧ | ૬૫૮ | ૧૯૦૨ |
| ૧૯૨૦-૨૧ | ૩૭૯૫ | ૧૦૧૭ | ૨૨૯૭ |
| ૧૯૨૬-૨૭ | ૫૭૨૪ | ૧૫૧૭ | ૩૬૨૭ |

૧૯૧૦ - ૧૧ થી જુઓ કે માસિકોનો ઉછાળો કેટલો વિપુલ પ્રમાણમાં આવ્યો છે ! ૧૯૧૦ માં માસિકો- ત્રૈમાસિકોની સંખ્યા ૧૯૦૨ હતી. જે ૧૯૨૬-૨૭નાં વર્ષ દરમ્યાન ૩૬૨૭ સુધી પહોંચી છે. પંદરવર્ષનાં ગાળામાં થયેલી બમણી સંખ્યા એક-બાજુએ લોકોની વાચનભૂખ અને નવું નવું જાણવાની કુતુહલવૃત્તિનો સંકેત કરે છે. તો બીજી બાજુએ સામયિક પ્રવૃત્તિ જે પ્રજાકિય મૂલ્યોનો આદર્શો રચી રહયા હતા એમને પ્રજાપક્ષેથી સાંપડેલા પ્રતિસાદની પણ સાક્ષી પૂરે છે. ૧૯૨૯માં અમદાવાદ ખાતે ગુજરાતી પત્રકારોની પ્રથમ પરિષદ મળી ત્યારે નીચેના ગુજરાતી સામાયિકો પ્રસિધ્ધ થતાં હતાં. [૩]

(૧) સામાન્ય અને સર્વોપયોગી :

'વસંત', 'સમાલોચક', 'બુધ્ધિપ્રકાશ', 'ગુજરાત', 'નવચેતન', 'શારદા', 'પુરુષાર્થ', 'સમાજજીવન', 'જ્ઞાનપ્રચાર', 'ભાગ્યોદય', 'ચિત્રમય જગત', 'સાહિત્ય', 'કૌમુદી', 'જ્ઞાનવર્ધક', 'સાબરમતી', 'હીંદી ગ્રાફીક', 'નવરાશ' 'ફુરસદ', 'ગપસપ', 'નવરંગ', ( છેલ્લા છ પારસી છે )

(૨) સ્ત્રી વિષયક :

'ગુણસુંદરી', 'સુંદરી સુબોધ', 'વનિતા વિજ્ઞાન', ' મહિલા ભૂષણ' અને 'સ્ત્રી સુખ દર્પણ'.

(૩) બાળકો તથા કુમારો માટેનાં :

'બાળમિત્રો', 'બાલજીવન', 'બાળશિક્ષક', 'બાળક' અને 'કુમાર'.

(૪) કેળવણી વિષયક:

'ગુજરાત શાળાપત્ર', 'સમાજ શિક્ષક', ~~'બાળક', અને 'કુમાર'~~

'નવજીવન' સાથે પ્રતિમાસ નીકળતો કેળવણી અંક અને 'દક્ષિણામૂર્તિ'.

(૫) પ્રાચીન સંશોધન :

'પુરાતત્વ', 'જૈન સંશોધન' તથા 'માસિક સંશોધન'.

(૬) વૈદક :

'વૈદ્ય કલ્પતરુ', 'ધનવંતરી', 'આરોગ્ય સિંધુ', 'આયુર્વેદિક વિજ્ઞાન'.

(૭) ધાર્મિક :

'ભારતજીવન', 'વૈષ્ણવધર્મ પતાકા', 'પુષ્ટિભક્તિ સુધા', 'આત્માનંદ પ્રકાશ', 'જૈનધર્મ પ્રકાશ', 'જ્યોતિ', 'વૈરાગ', 'રાહે જરથુસ્ત્ર', 'સ્વામી નારાયણ', 'પ્રાતઃકાળ', 'મહાકાલ', 'ભાગ્યોદય', 'વિશ્વજ્યોતિ', 'દૈવી જીવન' અને 'સ્વધર્મ જાગૃતિ'.

(૮) ધંધા- રોજગાર :

ખેતીવાડી વિજ્ઞાન', 'દેશી વહેપારી ચેંબર ત્રૈમાસિક', 'સહકાર પત્રિકા', 'ખેતીવાડી અને સહકાર્ય', 'કામધેનુ (ગાયો વિષયક માસિક જે એક મુસ્લિમ ગૃહસ્થ ચલાવતા હતા.) 'જ્યોતિષ', 'મોટરકાર અને વીજળીક બળ' ઈ. ધંધાપત્રો.

(૯) લલિતકળા :

'સુવર્ણમાલા'.

(૧૦) પરચુરણ :

'નવલપુષ્પ', ખીલતું પ્રભાત', બ્રહ્મચારી', 'નવપ્રભા' ઈ.

(૧૧) જ્ઞાતિપત્રો :

લગભગ ૭૦ જેટલા ચાલતા હતા.

(૧૨) સાપ્તાહિકો :

૧૯૨૪માં ચાલતા સાપ્તાહિકોમાં 'ગુજરાતી', 'નવજીવન', 'નવયુગ', 'ગુજરાતી પંચ', 'પ્રજાબંધુ', 'સયાજી વિજય', 'નવગુજરાત', 'ગુજરાત મિત્ર', 'દેશી મિત્ર' 'ભરુચ સમાચાર', 'સૌરાષ્ટ્ર', 'કાઠિયાવાડ ટાઈમ્સ' વિશેષ પ્રચલિત હતા.

ગુજરાતી પત્રકારત્વનાં વિકાસની તમામ શકયતાઓ આ યાદીમાંથી જોઈ શકાય. માનવવિદ્યાઓનાં અનેક ક્ષેત્રોમાંથી કોઈ એક જ ક્ષેત્રને અપનાવીને એ ક્ષેત્રના સીમા ચિન્હો આંકવાની અપેક્ષા આ સામયિકોમાંથી પ્રકટ થઈ રહી છે. વિષય-વસ્તુ અને વૈવિધ્યની રંગપૂરણી રચતા આ સામયિકોમાં સાહિત્યના વિવિધ અંશોનો અનિવાર્ય પણે આવી ષ્કાર થતો રહયો છે. પછી ભલે એ નવોદિતો કે નવાંગતુકોની રચનાઓ હોય પરંતુ પ્રજાની રસરુચીને સંતોષવાનો એ પ્રયત્નો તો વૈદકને લગતા સામયિકપત્રોમાં કે જ્ઞાતિપત્રોમાં પણ દેખા દે છે. મુનશી નવલકથાકાર તરીકે પ્રતિષ્ઠા પામે એ પહેલાં 'ભાર્ગવ ત્રૈમાસિક' જ્ઞાતિપત્રમાં લેખો લખતા રહેલા એવો ઉલ્લેખ એમની આત્મકથા 'સીધા ચઢાણ' (પૃ. ૨૬૫) માંથી મળી આવે છે. ગુજરાતની સાંસ્કૃતિક, સાહિત્યક અને સામાજિક વિચારણાનાં વાહન બનેલાં આ તમામ સામયિકોની કોઈને કોઈ વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ હતી. આ સામયિકોમાંથી પ્રજાજીવન પર વિશિષ્ટ છાપ મૂકી જનારા કેટલાક નોંધપાત્ર સામયિકોનું વિહંગાવલોકન કરવાનો અહીં પ્રયત્ન છે.

**૨. 'ધ્યેયનિષ્ઠ 'નવચેતન' :**

હાજી મહંમદનું 'સદી' અનેક સામયિકોનું પ્રેરણાસ્થાન બનવાનું સદ્ભાગ્ય લઈને બંધ થયું હતું. 'સદી'ની રાખમાંથી જે કેટલાક નોંધપાત્ર સામાયિકો જન્મ્યા તેમાં 'નવચેતન' મુખ્ય હતું. ચાંપશી ઉદેશીનાં એકલહાથે ૧૯૨૨ની ૧લી એપ્રિલે એકપણ રૂપિયાની મૂડી વિના તે શરૂ થયું હતું. ચિત્રકાર રવિશંકર રાવળે મૈત્રીદાવે ચાંપશીભાઈને મુનશીના પ્રકટ થનારા 'ગુજરાત' સામે 'નવચેતન' ટકકર નહીં ઝિલી શકે એવી સ્પષ્ટ સલાહ આપી હોવાં છતાં પોતાની સામાયિક નિસબતને લઈ અનેક મુશ્કેલીઓ વચ્ચે'નવચેતન'નું પ્રકાશન કરેલું.એ એ મનમાં ઉભરાઈ રહેલા નર્મદ જેવા શૂરા વિચારનો જોસ્સો પાતળો ન પડે એ માટે ચાંપશી ઉદેશીએ નોંધ્યુ છે 'મારું મન પાછું ફરી ન જાય કે મારાથી હિંમત હારી ન જવાય એ માટે મે હાથમાં પાણી લઈ સંકલ્પ કર્યો કે ગમે એટલા કષ્ટો આવે પણ પ્રાણાન્ત સુધી 'નવચેતન'ને નિભાવવું ને જીવાડવું'. [૪]

રોયલ આઠપેજી સાઈઝનાં ૪૮ પૃષ્ઠોની 'નવચેતન'ની સામગ્રીમાં ચિત્રોનું વૈવિધ્ય વાચકોને મોહિત કરી દે એ પ્રકારનું રહેતું દર માસે એક ત્રીરંગી ચિત્ર અપાતું મુખપૃષ્ઠ પણ ત્રિરંગી કે દ્વિરંગી ચિત્રથી [illegible]નો [illegible] કરવાનો પ્રયત્ન કરતું 'નવચેતનનું' વાર્ષિક લવાજમ શરુઆતના સમયમાં છ આના હતું જે ૧૯૨૨થી ૧૯૪૦ સુધી ચાલુ રહયુ. એ પછી બીજા વિશ્વયુધ્ધ દરમિયાન ના છૂટકે લવાજમ વધારીને રુપિયા સાડાસાત કરવું પડયું હતું. 'નવચેતન'ની સામગ્રી અને સચિત્રતા મુનશીનાં 'ગુજરાત' માસિકની ટકકર લે એવી હતી. મુનશીએ સ્થાપેલી 'સાહિત્ય સંસદના' વિશાળ લેખકવૃંદ અને ચિત્રકારોથી શોભતાં 'ગુજરાત' સામે 'નવચેતન'ની બરોબરી કરતું. એ હરિફાઈમાં કોઈવાર 'નવચેતન' તો કોઈવાર 'ગુજરાત' ચઢી જતું. ગુજરાતનો વાચકવર્ગ અહોભાવથી આ બંને સામયિકોની હરિફાઈને નિહાળતું અને ઉત્તમવાચનનો આનંદ પામતું. વિજયરાયે 'નવચેતન'ને જોઈને કંઈક ટીકાત્મક લાગતું વિધાન નોંધેલુ કે 'ચાંપશી ની કલાવૃત્તિ સતેજ કયારની થઈ ?[૫] પરંતુ 'નવચેતન'ના અંકોની સામગ્રી પર નજર ફેરવતા જ એ વાત સ્પષ્ટ થશે કે પ્રથમ અંકથી જ 'ગુજરાત' જેવા માતબર સામયિક સાથે સ્પર્ધામાં ઉભા રહી શકે અને પ્રજાજીવનને સાહિત્યિક સંસ્કારોથી સમૃધ્ધ કરી શકાય એ માટે ચાંપશીભાઈની કલાવૃત્તિએ કેવા કેવા લેખકો અને ચિત્રકારોનો મેળો પોતાના અંકોમાં યોજ્યોહતો ! 'નવચેતન'ના પ્રથમ અંકમાં જ કૃ. મો. ઝવેરી, ચંદ્રશંકર પંડયા, શયદા, હરગોવિંદદાસ કાંટાવાળા, લલિત, ધૂમકેતુ, બરુભાઈ ઉમરવાડીયા, દેશળજી પરમાર, વિજયરાય, આઈ.એસ.જે.તારાપોરવાળા, કેશવશેઠ, કુસુમાકર, મસ્તફકીર, બ. ક. ઠાકોર, રંગીલદાસ કાપડીયા, ગોકુલદાસ રાયચૂરા, ધનસુખલાલ મહેતા વગેરે હતા. તો એમના ચિત્રકારો રવિશંકર રાવળ, પુરુષોત્તમ, દત્તાત્રેય, ધુરંધર, રવિશંકર પંડિત, હેમેન્દ્રનાથ મજમુદાર, કનુદેસાઈ વગેરેના ચિત્રોથી 'નવચેતન'ની સચિત્રતા 'ગુજરાત' થી જરાય ઉણી ઉતરતી નહોતી.

'નવચેતનની' સામયિક નીતિ ધ્યેયનિષ્ઠ રહેલી જણાય છે. પ્રજાને ગેરમાર્ગેદોરે એવું કંઈ ન આપવાની ચોકકસ માન્યતા સાથે નવા યુગમાં કદમ મિલાવીને પરંતુ ભારતીય સંસ્કૃતિની દષ્ટિએ પતન પામ્યા વગર 'નવચેતન'નો વાચકવર્ગ

આગળ વધી શકે એવું સાહિત્ય આપવાની તંત્રીનેમ આ શબ્દોમાં વ્યકત થઈ છે :
'ઘણા મને બાવા આદમનો વખતનો કોઈક જૂના વિચારવાળો માણસ માને છે એ મોટી ભૂલ છે. જૂના વિચારવાળો માણસ 'નવચેતન' જેવું માસિક આપી શકે નહીં ! જૂનું બધુંય સારુ નથી. એમાં જે સારું નથી તેને સ્થાને નવું લાવવાના મતનો હું છું પણ એ નવું લાવતા પહેલા હજારવાર વિચાર કરવો જોઈએ એવા મતનો હું છું. નવામાં જે જે અનિષ્ટો છે તે પારખી લઈને તે તે અનિષ્ટો ત્યજી દેવા ઘટે. આપણી ભારતીય સંસ્કૃતિના પાયા પર આપણું જીવન ઘડતર થવું ઘટે. જૂનાને નવાનાં વિવેકભર્યા સમન્વયથી યુગ સાથે તાલ મેળવીને આપણે ચાલવું જોઈએ એવી મારી માન્યતા છે અને 'નવચેતન'નાં મારા સંપાદનમાં અને સંચાલન પાછળ આજ માન્યતા કામ કરી રહી છે.' ૬

તંત્રીની જીવન વિધાયક દ્રષ્ટિને કારણે'નવચેતને' મધ્યમવર્ગનાં લોકોનો ઠીકઠીક વાચકવર્ગ ઉભો કર્યો. કેવળ સાહિત્યનું માસિક બનવાને બદલે ધર્મથી માંડીને વિજ્ઞાન અને ભૂગોળ, ખગોળ ઉપરાંત સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકળા, ફિલ્મવિવેચન, રમતગમત આદિ અનેક વિષયોને એમાં સ્થાન મળતું રહ્યું છે.

'નવચેતનને' સાતવર્ષ પૂરા થયા ત્યારે એમની ખોટનો આંક ૧૦,૦૦૦ રૂ. ઉપર પહોંચ્યો હતો. ૧૪૦૦ જેટલા ગ્રાહકો ધરાવતુ હોવા છતાં દરમાસે અપાતુ ત્રિરંગી ચિત્ર, લેખોની સચિત્રતા અને કલકત્તા શહેરમાં ગુજરાતી મુદ્રણની મોંઘી પડતી છપાઈને કારણે ખોટનો આ આંક સરભર કરવામાં ચાંપશીભાઈને કમરતોડ મહેનત કરવી પડી હતી. ( આજે પણ 'નવચેતન'ની ગ્રાહક સંખ્યા ૧૫૦૦ થી ૨૦૦૦ ની વચ્ચે છે ) આર્થિક સધ્ધરતા પામ્યા વિના પણ એકધારી નિયમિતતા જાળવવા એગતપક્ષી આપઘાતની કરેલી સમગ્ર તૈયારી, પત્નીનાં ઘરેણા ગીરે મુકવાનો પ્રસંગ કે નાટયસેવા બદલ મળેલો સુવર્ણચંદ્રક મારવાડીને ત્યાં વેચવા જવાની ઘટનાઓ વહોરવી પડેલી. એક સચિત્ર સામયિકોને ટકાવવા માટેના આ ધમપછાડાએ કેટ-કેટલા લેખકો અને ચિત્રકારોને પ્રોત્સાહન આપ્યુ ! ધૂમકેતુની ટૂંકી વાર્તાઓ અને ધારાવાહી નવલકથાઓ, બકુલેશ અને ચીમન મૂળજી લુહારની વાર્તાઓ, છોટાલાલ જાગીરદારના હાસ્યલેખો, કનુદેસાઈ અને રાવળના ચિત્રોને નવચેતને ઉત્સાહથી પ્રકટ કર્યાં હતા. ૧૯૪૩નાં સપ્ટેમ્બરમાં ' બૃહદ્ ગુજરાત નવચેતન મંગલ મહોત્સવ' ની ઉજવણીમાં બોલતા ધૂમકેતુએ આ ભાવનાને બિરદાવતા જણાવ્યુ હતું કે :

૬

'મારી નવલિકાઓ માસિકનાં તંત્રીઓને મોકલું ને ટીકિટ ખાઈ જાય. જવાબ પણ ન આપે. મારી એ શરૂઆતમાં મારીવાર્તાઓ પ્રકટ કરવા કોઈપણ તૈયાર ન હતું અને જે વખતે હું નિરાશ થઈએ નવલિકાનું લેખન છોડવા તૈયાર થયો હતો એ જ વખતે ચાંપશીભાઈએ બે નવલિકાઓ પ્રકટ કરી અને મને ઉત્સાહ આપ્યો. એ ઉપકાર હું ભૂલી શકું એમ નથી. જેમ વાઈસરોય સાતમા આસમાને રહે છે અને જનતાને શું જોઈએ છે તેની એને તમન્ના નથી તેવી આપણા પંડિતોની મનોદશા છે. 'નવચેતન' એ પંડિતોનું માસિક નથી. ગુજરાતના થોડા માસિકોમાં સૌથી વધુ વંચાતુ હોય તો તે ઘણું કરીને'નવચેતન' જ છે. [7] સામાન્ય વર્ગનાં જનસમાજને ધ્યાનમાં લઈને માનવસંસ્કારો અને લોકરુચિ ઘડવાની આ ભેવના પાછળ ચાંપશીભાઈના 'નવચેતન' પરનો પુત્રવત પ્રેમ જ કારણભૂત કહી શકાયશ

'જ્ઞાનસુધા', 'વસંત' અને 'સમાલોચક' જેવા સામયિકોમાં કાવ્યો, સંવાદો લખનારા સર્જક ચાંપશીભાઈની સુકીર્તિ તો તંત્રી તરીકે આપણી સમક્ષ રહી છે. પરંતુ એ પત્રકારની સર્જક છબી પણ 'નવચેતન'નાં અનેક અંકોમાંથી પ્રાપ્ત થાય છે. ચાંપશીભાઈની 'જંજીરને ઝણકારે', આશી ની ઈમારત', 'માનવ હૈયા' નામની ધારાવાહી નવલકથાઓ, આત્મકથા 'સ્મૃતિસંવેદન' અને બંગાળના વસવાટ દરમિયાન પ્રાપ્ત અનુભવોના નીચોડરુપ લખાયેલી 'બંગાળિ જીવન અને સાહિત્ય'ની લેખમાળા ચાંપશીભાઈએ'નવચેતન'માં લખી હતી. જેમાંની મોટાભાગની ધારાવાહી કથાઓએ એ સમયના વાંચકોનો પ્રોત્સાહક પ્રતિભાવ મેળવ્યો હતો. ગુજરાતી પત્રકારત્વની એક નૂતન ઘટનાના સ્વરુપે ચાંપશીભાઈએ 'નવચેતન' દ્વારા જે 'તંત્રી અંક' પ્રકાશિત કરવાનાં પ્રયત્નો હાથ ધર્યા એ વિશિષ્ટ છે. એપ્રિલ - ૧૯૪૨નો 'વનપ્રવેશ' અંક, 'તંત્રી સર્જન અંક'માં એકલ હાથે સમગ્ર સામગ્રી તૈયાર કરીને અભ્યાસ, અનુભવનો નીચોડ આપેલો.

અન્ય સામયિકોની તુલનાએ 'નવચેતન'ને ઘણાં તડકા-છાંયાઓ વેઠવા પડયા હતાં. બીજા વિશ્વયુધ્ધના ઓથાર તળે 'નવચેતન'ને કલકત્તામાંથી પ્રકાશિત કરવાની મુશ્કેલીઓ ઉભી થઈ ત્યારે સાડાત્રણ વર્ષ સુધી 'નવચેતન'ને કલકત્તામાંથી સ્થળાંતરિત કરીને વડોદરામાંથી પ્રકાશિત કરવું પડ્યું હતું. ૧૯૪૬ થી ફરી કલકત્તા મુકામેથી'નવચેતન' પ્રકાશિત થવા લાગ્યુ પરંતુ બે વર્ષના ટૂંકા ગાળામાં જ કારીગરોની અપાર સતામણી અને પ્રકાશનની હાડમારીઓને કારણે નિરુપાયે

'નવચેતન'ને અમદાવાદ ખાતે ફેરવવું પડ્યું. ૧૯૪૮ થી આજ સુધી 'નવચેતન' અમદાવાદ થી પ્રકટ થાય છે. જે ચાંપશીભાઈના માનસપુત્ર મુકુંદશાહ સંભાળે છે. કોઈ ટ્રસ્ટ કે સંસ્થાની મદદ વિના માત્ર ગ્રાહકો પર સામયિકોને ચલાવવાનું કાર્ય એક સાહસ છે. 'નવચેતન' નું સાહસ આર્થિક સંકડામણનો બોજ લઈને જ શરૂ થયેલુ. જો કે કેટલાક ગાળામાં એવા નિશ્ચિંત દિવસો પણ આવ્યા કે જેમાં 'નવચેતન' ની ખોટ ભરપાઈ થઈ શકી પરંતુ એ આશ્વાસન નિરાતનો શ્વાસ અપાવે એવા પ્રકારનું તો નહોતુ જ તે છતાં પણ ચાંપશીભાઈની નિષ્ઠા જીવનનાં તારોતાર સાથે એવી ગૂંથાયેલી હતી કે એમણે સામયિક પ્રકાશન પાછળ પોતાની જાત ખર્ચી નાખી. એમના સખત પરિશ્રમ, નિયમિતતા અને કામની સતત ચપળતાના કારણે પ્રેસના ત્રણ મશીનો ધરાવતા ચાંપશીભાઈનો સ્ટાફ ગમ્મતમાં કહેતો કે; 'આપણાં પ્રેસમાં ચારમશીન છે.' - ચોથું મશીન તો આપણાં આ દૂબળા-પાતળા શેઠ ! [૮]

'નવચેતન'માં પ્રકાશિત થતી સામગ્રીનાં ઉંચા ધોરણો માટે સ્વ. ધૂમકેતુ પરિવાર, ગંગાદાસ પ્રાગજી મહેતા, વિઠ્ઠલભાઈ પટેલ, કાંદીવલી - બોરીવલીનું મિત્રમંડળ વગેરે 'નવચેતન' માં આવેલી કૃતિઓ અંગે પારિતોષિકો યોજયા હતા. આમ, જીવન વિષયક સામગ્રી સાથે સાહિત્ય અને અન્ય કલાના માધ્યમો સુધી 'નવચેતને' પોતાની દૃષ્ટિ ફેરવી. સાહિત્ય સામયિક તરીકેની મુદ્રા ઉભી કરી તે છતાં શુધ્ધ સાહિત્યિક સામાજિક તરીકેની અપેક્ષાઓ એમણે સંતોષી નથી. તંત્રીએ એનો સ્વીકાર કરતાં નોંધ્યુ છે, 'મારા સ્વપ્ન મુજબનું 'નવચેતન' હું બનાવી શકયો નથી. એને ચાલુ રાખવા માટે ઘણી બાંધછોડ કરવી પડી છે ચાંપશીભાઈ કોઈનીયે શેહશરમમાં તણાતા નહિ તેવું હું કરી શકયો નથી.' [૯] જો કે એક સામયિકને નિયમિતપણે કઈ રીતે ચલાવી શકાય એમનું ઉદાહરણ પૂરું પાડનારા સામયિક તરીકે 'નવચેતન' આજે પણ ગુજરાતની સાંસ્કારિક, સાહિત્યિક આબોહવાને જીવંત રાખતું સામયિક બની રહ્યું છે.

### ૩. ઉગતી પ્રજાનું અપૂર્વ માસિક : કુમાર

રવિશંકર રાવળની કલાનિષ્ઠા અને બચુભાઈ રાવતની તંત્રીનિષ્ઠાને કારણે ગુજરાતમાં 'કુમાર'નો ઈતિહાસ અપૂર્વ લેખાશે. ૧૯૨૪માં પ્રકટ થયેલા 'કુમાર' નો ધ્યેયમંત્ર 'ઉગતી પ્રજાનું માસિક' બનવાનો હતો. આવતીકાલનાં નાગરિકોનું

સાંસ્કૃતિક, ચારિત્ર્ય અને બૌધ્ધિક કક્ષાએ રુચિ ઘડતર શક્ય બને એ માટેઢજાણે કે 'કુમારે' જ્ઞાનકોશ, માહિતીકોશ, શિક્ષણ અને સાહિત્ય, કલા સંસ્કારની દીક્ષા ગુજરાતના કુમારોને ભેટ આપવા માંડી. વિજયરાયે યોગ્ય જ નોંધ્યુ છે : 'કુમાર'નું કર્યું બીજા કોઈથીયે થાય એમ નથી. એ ન હોત તો આપણે ત્યાં શિષ્ટતર કાવ્યો, વાર્તાઓથી માંડીને પરમ લાલિત્યમય પૃષ્ઠરચના સુધીનું ઘણું ઘણું ન હોત. એ હોવાથી ભારતભરમાં ઉંચા પત્રકારત્વના અનેક વિભાગોમાં ને કાર્યોમાં ગુજરાતનું મોં ઉજળું છે. [10] માત્ર ગુજરાતના જ નહીં પણ ભારતભરના સાહિત્ય-કલાનાં ક્ષેત્રે ઉદાહરણ રૂપ બની શકે એવા કુમારે રૂ. છનાં લવાજમમાં આવતીકાલના નાગરિકોને ઘડવા પૂરી સૂઝબૂઝ સાથે પ્રકાશન આરંભ્યુ. એમની આ ધગશ દરમાસે પ્રકટ થતાં ૪૦ પાનાના અંકમાં દરેક પૃષ્ઠથી મળી આવે. પ્રથમ અંકમાં જ અનેકનાં જીવનમાં પ્રવેશી તેમને ઉત્કર્ષ અને પ્રગતિના આદર્શ પૂરા પાડવાનું, જીવનસાથી જેવા કાર્યને પ્રકટ કરતો એમનો ઉદ્દેશ જૂઓ : ' જગતના દીપોત્સવમાં દેશદેશનાં માનવો આત્મકલાની જ્યોતિઓ આગળ ધરશે તે વખતે ગુજરાતના કુમારો શું અંધકારમાં શૂન્યમુખ થઈ ઉભા રહેશે ? એ વિચાર જ અસહ્ય છે એ ભયંકર નિરાશા ભાંગવાનો આ એક પવિત્ર પ્રયાસ છે.' 'કુમારે' પોતાની પ્રકાશન પ્રવૃત્તિને જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી એક નવીન પ્રવૃત્તિ ઘટાવી હતી. એ ઉપરાંત કલા, જ્ઞાન, ચારિત્ર્ય, પ્રેરણા, સંસ્કાર અને પરસ્પરના સદ્‌ભાવ ગુજરાતના કુમારોમાં પુરી આત્મજ્યોતિઓ સચેત રાખવાની અભિલાષા વ્યકત કરી હતી. 'કુમાર' એટલે જ ગુજરાતનું કૌમાર કહીને શરૂ થયેલા આ સામયિકે કુમારોને પ્રાણ પોષાતી એવી પ્રસાદીઓ ધરવા માંડી કે 'સાહિત્ય'નાં તંત્રી મટુભાઈ લખ્યા વિના ન રહી શકયા કે : ' રવિશંકર રાવળથી બને તો આજના કુમારોને દસવર્ષમાં ગાંધી, અરવિંદ ઘોષ, રવિન્દ્રનાથ ટાગોર, સર જગદીશચંદ્ર, પ્રો. રામમૂર્તિને આના કેટલાકના સંમિશ્રણથી થતી વ્યકિતઓ બનાવી દે ખરા' [11]

દર મહિને નવીનતા લાવવાનો ખાસ આગ્રહ અંકોમાં જોવા મળતો રહયો છે. પ્રથમ અંકે 'મિજલસ' વિભાગમાં વાચકો સાથે સંવાદ સાધવાનો ઉપક્રમ, 'માધુકરી' વિભાગ માં અન્યમાંથી ઉત્તમનો અંશ આપવાની રીતિ અને ' પુછો તંત્રીને ' વિભાગમાં જ્ઞાનગમ્મત, સવાલોના જવાબો આપવાની પધ્ધતિ દાખલ કરેલી. 'કુમાર'માં પ્રકટ થતાં વિભાગોનું વૈવિધ્ય આંખ ચકિત કરી દે છે. એટલી બહુલતા ધરાવતુ.

કવિતા, ટૂંકીવાર્તા, નાટિકા, નિબંધ, ઈતિહાસ, પુરાતત્વ, વિજ્ઞાન, ભૂગોળ, ખગોળ, પ્રાણીવિજ્ઞાન, પક્ષીવિજ્ઞાન, જંતુવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, ચારિત્ર્ય પ્રવાસ, વ્યક્તિ વિશેષ, જીવનદર્શન, શબ્દકથા, સંગીત, નૃત્ય, વૃક્ષો અને વનસ્પતિ, પશ્ચિમી સાહીત્ય, કલાવાર્તા, ચિત્રકલા, તસવીરકલા, શિલ્પ, મુદ્રણકલા, કાર્ટુન, આહારશાસ્ત્ર, રમત-ગમત, ટૂચકા-ઉખાણાં, ટીકિટ-સંગ્રહ, શતરંજ, આકાશદર્શન, અર્થબોધ, ટૂંકા ગ્રંથાવલોકનો, સંશોધન, વિચાર કણિકાઓ જેવા મબલખ વિષયો ધ્યાન ખેંચે છે. ઝઝૂમકવાળા શબ્દો, આડંબરી વાકય રચના કે મોટા ગ્રંથકારોનાં મિથ્યા ટાંચણોને 'કુમારે' હંમેશા નકાર્યાં છે અને ખરેખર અનુભવની નજરે લખાયેલા, ચોકકસ ઘડાયેલા વિચારોવાળા, ઉકળાટ વિના લખાયેલા, સ્પષ્ટ, સરળ ભાષામાં ભાવ દર્શાવતા ટૂંકા પણ સચોટ લેખોને આવકારવાની નીતી અપનાવાઈ. કાન્તિલાલ પંડ્યા વિષય પરત્વે 'કુમાર' બાબતે નોંધે છે : 'કુમાર' નું વિવિધ વિષયોનું કાર્ય બેશક ઊંચી ભૂમિકા ઉપર માલૂમ પડે છે. સચિત્ર, ઉપયોગી, પ્રેરક વિષયો એમાં દેખા દે છે. કેટલાકને કેમેરા-સ્ટવ-વિટેમિન જેવા વ્યાવહારિક લેખો ખાસ આકર્ષતા હશે તો ગુજરાતના પક્ષીઓના મોહકવર્ણન બીજાઓને લોભાવતા હશે તો વૈજ્ઞાનિક ચરિત્રોની સમૃદ્ધિ સૌની ઉપર પ્રભાવ નાખતી હશે'[૧૨] જાતનાં કોઈ એવા મહાપુરુષો નથી જેનો પરિચય 'કુમાર'માં ન અપાયો હોય. પ્રખર દેશભક્તોનાં ચરિત્રો 'કુમારે' રજૂ કર્યાં. ખુદીરામ, નાનાસાહેબ ફડકે, સાવરકર જેવા ક્રાંતિકારીઓના ચરિત્રો કોઈપણ કિશોરવયના ને માટે પરીકથાથી વિશેષ જીવનમાં બૌદ્ધિક અને માનસિક વિકાસનું સાધન બનવા સક્ષમ હતા. દેશમાં આવેલી પ્રચંડ જાગૃતિનું પ્રતિબિંબ 'કુમારે' યોગ્ય રીતે પ્રદર્શિત કર્યું. બંગાળ હોય કે તામિલનાડુ દરેક પ્રાંતના મહામાનવોને પ્રેરણાસ્ત્રોત બનાવવા 'કુમારે' પરિચય લેખ દ્વારા જાણ્યે-અજાણ્યે હાંસિલ કર્યાં કરી છે.

'કુમાર'માં લખતા ધૂમકેતુ, કાકાસાહેબ, નાનાલાલ, મહાદેવભાઈ, નવલરામ ત્રિવેદી, બોટાદકર, ત્રિભુવન વ્યાસ, ઠાકોર, નાનાભાઈ ભટ્ટ, ઉમાશંકર, સુંદરમ્, મનસુખલાલ ઝવેરી, બેટાઈ, પ્રહલાદ પારેખ, બાલમુકુંદ, વેણીભાઈ, વિજયગુપ્તમૌર્ય, હરિનારાયણ આચાર્ય, અશોકહર્ષ, કિશનસિંહ ચાવડા, સ્વામી આનંદ જેવા પ્રસિધ્ધ લેખકોની યાદી આપણને જરુર આકર્ષે છે. 'કુમાર'માં પ્રકાશિત થતી રચના કવિને કવિ તરીકેની મહોર લગાવવા જેટલી પ્રતિષ્ઠા અપાવતી એટલે એક અર્થમાં 'કુમાર'નાં

પૃષ્ઠો પર સ્થાન પામવું એ સર્જકોનું લક્ષ્ય હતું. તો સામે પક્ષે સર્જનનાં વહેણોને કક્ષણેપરિક્ષણ નીચેથી પસાર કરવાનાં આગ્રહે 'કુમારે' કાવ્યગુરુનો પાઠ ભજવ્યો. બાર વર્ષનાં મુગ્ધ કિશોર શ્રીધરાણી કવિતા લેખનનાં પ્રથમ તબક્કે જ 'કુમાર' માં સ્થાન પામ્યા હતાં. તો ૧૯૩૭ થી 'કુમાર 'ની અતિખ્યાત 'બુધસભા' માં દાખલ થયેલા રાજેન્દ્ર શાહનું પ્રથમ કાવ્ય ' હોળી-ધૂળેટી ' 'કુમાર' માં પ્રકાશિત થયેલું. વેણીભાઈની પ્રથમ રચના 'પુરાણો દીવડો' અને 'ગાંધી ભાવના', ઠક્કોર શૈલીની પ્રભાવક અસર નીચે લખાયેલું ઉશનસનું પ્રથમ કાવ્ય ૧૯૩૯ નાં 'કુમાર'માં પ્રસિધ્ધ થયેલું માત્ર પદ્યવાચન જ નહી સાથોસાથ નવીન કવિઓને આવકાર એ 'કુમાર'નાં પ્રદાનની નોંધ લેતા ધીરુભાઈ યોગ્ય રીતે જ એ સેવાઓને આ શબ્દોમાં બિરદાવે છે : ' વીસમી સદીનાં છઠ્ઠા દાયકાની મધ્યમાં ગુજરાતી કવિતા ઐતિહાસિક વળાંક લેતી દેખાય છે. આ નવીન વલણોનું પ્રતિબિંબ 'કુમાર' અને 'સંસ્કૃતિક' માસિકોમાં ભિન્ન ભિન્ન રીતે પડેલું હતું.નલિન રાવળે પ્રિયકાંતની કવિતાની ચર્ચા કરતા આ બાબત નોંધતા કહ્યું છે તેમ 'કુમાર'નાં પાનાઓ ઉપર વૃત્તબધ્ધ કવિતાનો વૈભવ તે ગાળે છલકી રહેલો' ૧૩

'લઘુકથા' જેવા સ્વરુપને લોકપ્રિય કરવામાં 'કુમારે' પ્રમુખ ભૂમિકા ભજવી છે તો નિબંધના સતત વિકાસ સાધતા સ્વરુપને ખીલવવામાં અને નવી પ્રતિભાઓને એ સ્વરુપ પરત્વે દોરવામાં 'કુમાર' નો ફાળો અનન્ય છે. સુંદરમ્ કહે છે તેમ જેણે નિબંધનું સ્વરુપ પધ્ધતિસર રીતે વિકસાવ્યું હોય તેવું એકમાત્ર માસિક 'કુમાર' છે. વસ્તુપ્રધાન એવા આ લખાણો યુવા માનસને જીતી લે એવી કલ્પનાત્મક અને સાહિત્ય છટાઓ વાળા બનેલા છે. અને એ લખાણોનાં અનેક લેખકો આપણાં નિબંધ સાહિત્યમાં માનાર્હ સ્થાનનાં અધિકારી છે.' ૧૪

પ્રભુદાસ ગાંધીની લેખમાળા 'જીવનનું પરોઢ'અને કાકા સાહેબના શૈશવની સ્મૃતિઓને આલેખતી ગુજરાતી 'સ્મરણયાત્રા', 'કુમાર' માં હપ્તાવાર પ્રકટ થઈ હતી. પાછળના વર્ષોમાં રવિશંકર રાવળે 'જીવનપટના સ્મૃતિચિત્રો', 'કુમાર' માં આલેખવાનું શરુ કરેલું.

'કુમાર' નાં અંકોમાં પ્રયોજાયેલી ચિત્રકળા અને કોંચાકીનું કળાકીય મૂલ્ય આજે તો સામયિક પાને દુર્લભ ગણાય એવું છે. ગજાનન પાઠકે 'પ્રસ્થાન' માં (૧૯૨૬,અંક-૨)

'માસિકોમાં ચિત્રોનો હેતુ' એ લેખોમાં ચિત્રોની આત્યતા પર ભાર મૂકતા જણાવ્યું છે તેમ સાહિત્યનો ભાવ ચિત્રકળા વધારે દઢ રીતે વ્યકત કરી શકે અને એ ભાવ ચિત્રો ધ્વારા વ્યકત થવાથી સમગ્ર કૃતિ પર પ્રકાશ પાડી શકે. 'મોડર્ન રીવ્યુ' માં ઘણાં વર્ષોથી પ્રકટ થતી ચિત્રશૈલી વાચકોને માત્ર સુંદર ચિત્રોનો પરિચય જ નથી કરાવતો, બલ્કે એ ચિત્રો ધ્વારા કલાતત્વોનું શિક્ષણ પણ જાણ્યે અજાણ્યે મળતુ રહે છે. સમયિકમાંી ચિત્રોનો એક હેતુ દેશની ચિત્રકળાનેસૂરક્ષવાનો, સંશોધવાનો હોય છે. એરીતેઢભવિષ્યની પ્રજાને માટે સાંસ્કૃતિક વારસાની ભૂમીકા ઘડાતી રહેતી હોય છે. આ તમામ હેતુઓ 'કુમાર'માં વત્તા ઓછા અંશે જળવાયા છે. રવિશંકર રાવળ, પ્રમોદે ચટ્ટોપાધ્યાય, કનુ દેસાઈ, સોમાલાલ શાહ, છગનલાલ જાદવ, અવની-દ્રનાથ ઠાકુર, કૃષ્ણલાલ ભટ્ટ, ચંદ્રવદન ભટ્ટ, દેવીપ્રસાદ-રાય ચૌધરી જેવા અનેક કળાકારોની પીંછીએથી આકાર લેતી કળાસૃષ્ટિ 'કુમાર'-નાં અંકોને જે વૈભવ અર્પતા તેમાં રવિશંકર રાવળની કળાવિષયક ખેવનાનો પૂરો પરિચય પામી શકાય. ઈંગ્લેન્ડ, યુરોપ, અને અમેરીકાની જેમ ગુજરાતનું સાહિત્ય પણ ચિત્રમય થાય, સમાજનો દરેક વર્ગ કલાઓમાં રસ લેતો થાય અને તેઓ ભારતીય તેમજ પરદેશી શિષ્ટકલાઓનો પરિચય અને આસ્વાદ પામે એવી રાવળના મનમાં મહત્વાકાંક્ષા હતી. રાવળ નોંધે છે કે : ' મારી દઢ માન્યતા છે કે માણસની સર્વાંગી કેળવણીમાં લલિતકળાને પૂરતુ મહત્વ આપવું જોઈએ તે હેતુ ઘણે અંશે 'કુમાર' ધ્વારા સફળ થયો છે.' [૧૫] 'કુમાર' નાં વર્ષાન્તે અપાતી સૂચી પરથી જાણવા મળશે કે પૂર્ણરંગી, એકરંગી, ધ્વીરંગી, વુડકટ, જળરંગ, તૈલરંગ, સિલ્હુટ અને છાયાચિત્રો પ્રકટ કરીને હાજી મહંમદ નાં અવસાન પછી સર્જાયેલી સચિત્રતાની ખોટને ઢાંકી દીધી. દરેક ચિત્રો પાછળ મૂકાયેલો ચોકકસ હેતુ અને લેખકનો યથાતથ ભાવ પ્રકટ કરવા માટે દોરાયેલા ચિત્રોથી માંડીને લેખને મથાળે શણગાર માટે મૂકેલા ચિત્રોમાં કોઈને કોઈ સંકેત પામી શકાતો. અમૃતલાલ શેઠને ભલે મુખપૃષ્ઠ પર આવતા પહેલા છાયાચિત્રSilhoutte ઘોડેસ્વારનો ઘોડો ઉંટ જેવો લાગતો હોય [૧૬] પરંતુ આ મુખપૃષ્ઠ પાછળ પણ રાવળની દ્રષ્ટિ 'કુમાર' ની આકાંક્ષાઓને તાદ્રશ્ય કરવાની રહી હતી. અંક : ૩માં એ મુખપૃષ્ઠ વિશે સેવેલી ભાવના કેવા શબ્દોમાં વ્યકત કરે છે એ જુઓ : ' કુમારનું શરીર કોમળ અને તેની વય કાચી હોય છે

છતાં એનું હૈયું પ્રેરણાની ઊર્મીથી છલકાતું હોય છે. તેની રાંગ નીચેનો તેજસ્વી ઉછાળા મારતો ઘોડો એ દરેક કુમારમાં ઉછળતા અમીટ ઉત્સાહનો ઉભરો સૂચવે છે. પણ એ ઉત્સાહનાં ઉછાળા ઉપર વિવેકબુધ્ધિનો કાબૂ રાખી તેને યોગ્ય માર્ગે વાળવો જોઈએ. દ્રઢતાથી ઘોડાની લગામ પકડી રાખેલો ચિત્રમાનાં કુમારનો હાથ એ ભાવ સૂચવે છે. કુમારમાંનાં હાથમાંનો ભાલો તેની શકિતનું સૂચન કરે છે.ભાલાની અણીએ ચોકકસ કરેલા લક્ષ્યબિંદુ પર નિશાન મારવાનું સૂચવે છે.'

ગુજરાતી કુમારોનાં સંસ્કાર ઘડતર માટે એક સામયિક પણ 'વિશ્વ વિદ્યાલય' બની શકે એવી ભૂમિકા રચતા 'કુમાર' ની ભાવનાનો અસ્વીકાર કોણ કરશે? કેટલાક વાચકોનાં મતે 'કુમાર' 'સદી' જેવું રંગીલું નહોતું. 'ગુજરાત' જેવું દળદાર નહોતું, 'નવચેતન' જેટલું રંગબેરંગી 'યુગધર્મ' જેટલા વાચનનો તેમાં અભાવ હતો. પરંતુ 'મિજલસ' વિભાગમાં આ દોષારોપણનો જવાબ આપતાં કુમારે લખ્યુ છે કે:' હું તમારા 'વિલાસ' પૂરો પાડનારું નહિં પણ તમારા વિકાસમાં સહાયભૂત થનારું માસિક છું. બેશક, રંગીલું નથી પણ રસભર્યુ છું. - કલાનાં મધુર મિલન જેવું ઉગતી પ્રજાનાં વિચારોને કળવવામાટે કલાનાં સંગમસ્થાનોનાં યોજક તરીકે નિર્વિવાદપણે ( 'કુમાર' અધિકાર ભોગવે છે.

૧૯૪૩નાં જાન્યુઆરીથી બચુભાઈ રાવત 'કુમાર' નાં પૂરા સમયનાં સંપાદક થયા એ પહેલા પણ નેપથ્યમાં રહીને રાવળનાં આદર્શોને ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ એમણે ભકિતપૂર્વક, નિષ્ઠાપૂર્વક કર્યો. 'કુમાર' ને કલાનાં વિકાસનું અનન્યક્ષેત્ર બનાવી ગુજરાતને મુદ્રણકલા-છાપકલાનાં વિવિધ નમૂના પૂરા પાડયા બચુભાઈ સર્જક ન હતા. પરંતુ લલિતકળા અને મુદ્રણક્ષેત્રે સુઝ-બુઝ ધરાવનારા વિચક્ષણ સંપાદક તરીકે એમનું નામ સામયિક- ક્ષેત્રમાં ચિરંજીવ રેવાનું સર્જાયુ છે. ગુજરાતની મુદ્રણકલાનો ઈતિહાસ ઘડવામાં એમનો ફાળો લગીરે ઓછો આંકી ન શકાય.

'કુમાર' દ્વારા અસંખ્ય યુવાનો અને વિદ્યાર્થીઓનાં જિગરમાં રહેલા આત્મતત્વને ચેતવી એમને એમના ઉપર લદાયેલ ઘમંડી કેળવણી અને મધ્યયુગની રુઢ આધીનતાનાં મંદ આદર્શોમાંથી મુકત કરી તેઓ રસ, વિદ્યા અને સત્તાનાં સ્વામીત્વમાં યોગ્ય ભાગીદાર બને એ જોવા બચુભાઈની રાત્રી-દિવસની પ્રબળ ઝંખના હતી. કૃષ્ણવીર દીક્ષીત 'કુમાર' નો યોગ્ય પુરસ્કાર કરતાં લખે છે કે, ' છેલ્લાં પચાસ વર્ષમાં

ગુજરાતમાં અને ભારતમાં ચિત્રકળા- મુદ્રણકલાએ સાધેલ વિકાસનો નકશો જોવો હોય તો એ ' કુમાર ' માં મળશે.' ૧૭

'કુમાર' ના વિશેષાંકો સાહિત્ય અને કલાની પ્રચુર સામગ્રી થી ભરપૂર રહેતા. અભ્યાસ સામગ્રી, ચિત્રો અને કળાત્મક ફોટોગ્રાફસ તેમજ કળા સંશોધનનાં લેખો ને કારણે વિશેષાંકના સ્વરુપે પ્રગટ થયેલું 'કુમાર' નું મોટુ મૂલ્ય છે. 'કુમાર' નો ૧૦૦મો વિશેષાંકરુપે જૂન - ૧૯૩૨માં પ્રકટ થયો એ પછી આ પરંપરાને 'કુમારે' વર્ષો સુધી જાળવી રાખી. ૨૦૦મો ૩૦૦મો ( ડિસેમ્બર-૧૯૪૮), ૪૦૦મો અંક (એપ્રીલ-૧૯૫૭), ૫૦૦મો અંક (ઓગષ્ટ-૧૯૬૫), ૬૦૦મો અંક (ડીસેમ્બર-૧૯૭૩) અને તેનો સાતમો શતાંક (એપ્રીલ-૮૨), ૮૦૦મો અંક (સપ્ટેમ્બર-૯૪) આજે પણ વાચકોને આકર્ષે છે. વાસુદેવ સ્માર્તનાં કુસુમ સરોવર અને ત્યાંના ભીંતચિત્રો, સુક્રુત પટેલનો સિલકે-થ કે વિનય ત્રિવેદીની કલાવાર્તા 'કુમાર' નાં શતાંકોની સમૃધ્ધિ ગણાય. રવિશંકર રાવળના ૭૫માં વર્ષ નિમિત્તે પ્રકટ થયેલા અભૂતપર્વ વિશેષાંક 'કલાઅંક' (ડીસેમ્બર-૧૯૬૭,સળંગ અંક :૫૨૮) રાવળના તેમજ અન્ય ખ્યાતિ પ્રાપ્ત ચિત્રકારોની વિધવિધ શૈલીઓનાં ૨૩ રંગીન અને સંખ્યાબંધ એકરંગી ચિત્રો અને કળાવિષયક સામગ્રીથી શતાંકોમાં જુદી જ ભાત પાડનારો અંક હતો. કળાનાં આવા ઉત્તમ નમૂનાઓ એક સામયિકનાં માધ્યમક પ્રાપ્ત થવા એમાં ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વનો વિશેષ જોઈ શકાય. આ ઉપરાંત રાવળના અવસાન બાદ અંજલિરુપે પ્રકટ થયેલો વિશેષાંક (જાન્યુ. ૧૯૨૮, સળંગ અંક : ૬૪૯) અને બચુભાઈ રાવતનાં નિધન પછી સ્મૃતિ રુપે પ્રકટ થયેલો 'બચુભાઈ રાવત સ્મૃતિ અંક' (આકટો. -નવે. ૧૯૮૧, સળંગ અંક-૬૯૪, ૯૫) પ્રતાપસિંહ જાડેજાએ નોંધ્યુ છે તેમ : 'આ બંને વિશેષાંકો સંસ્કૃતિ સર્જકોનાં જીવનને જાણવાની દીપજ્યોતિ સમા બન્યા હતા.' ૧૮

'કુમાર' સામયિકે વર્ષ દરમિયાન પ્રસિધ્ધ શ્રેષ્ઠ સાહિત્ય સર્જન બદલ 'કુમાર-ચંદ્રક' આપવાનું શરૂ કરેલું. કોઈ સામયિક ધ્વારા સર્જકને પારિતોષિક આપવાની ઘટનાઓમાં 'કુમાર ચંદ્રક' નું પાસુ એ રીતે વિશિષ્ટ ગણી શકાય કે આ ચંદ્રકે ગુજરાતી સાહિત્યમાં ઘણી પ્રસિધ્ધિ પ્રાપ્ત કરી હતી. આ ચંદ્રક મેળવનારા સર્જકોમાં રાજેન્દ્ર શાહ, બાલમુકુંદ, ઉશનસ્, નિરંજન, પ્રિયકાંત, લાભશંકર, રમેશ,

બકુલ ત્રિપાઠી જેવા એક સર્જકો, સંશોધનો આ ચંદ્રક દ્વારા પુરસ્કાર કરાયો છે. એ પછી કોઈ કારણોસર 'કુમાર' ચારેક વર્ષથીતે પુનર્જન્મ પામ્યું છે. આજે તો એ જૂની મૂડીએ વેપાર ચલાવતા પરંપરાગત સામયિક જેવું લાગે છે. એમાં ઉડીને આંખે વળગે કે ચકિત કરી નાંખે એવું બહુ જોવા નથી મળતું. 'કુમાર' થી ઘડાયેલી પેઢી એ સમયગાળાનાં 'કુમાર' ને વિસરી શકયા નથી. સુવર્ણકાળનાં 'કુમાર'ની એ છબી આજે તો એટલી પ્રભાવક જણાતી નથી. આજના 'કુમાર' ને કીશોર હૃદયમાં સ્થાન મેળવવાનું હજુ બાકી છે.

## ૪. અધ્યયન – સંશોધનનો વ્યાપ: ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક.

સંશોધનની દીશામાં દ્રષ્ટિ ફેરવીને પુરાતત્વનાં અર્કને પ્રજા સુધી લઈ જવાનો વિકટ કાર્ય ગુજરાતી પત્રકારત્વમાં રહેલી સંશોધનવૃત્તિ અને અભ્યાસનીષ્ઠાનાં દ્યોતક છે. વિદ્યાકીય અને સંશોધનાત્મક સમજની આવશ્યકતા માંગી લેતા આ પ્રકારનાં કાર્યમાં યોગ્ય ઉત્તેજન ચાપ્યું છે. પુરાતત્વનાં સંશોધનને જ પોતાનુ લક્ષ્ય માનનારું ગુજરાત વિદ્યાપીઠનું માસીક 'પુરાતત્વ' બંધ પડ્યુ ત્યારે આ પ્રકારની સંશોધીત સામગ્રીઓની ચર્ચા ભૂમિકા તૈયાર કરી શકે અને એ પ્રવૃત્તિ સાથે ગ્રંથ- પ્રવૃત્તિ ,પ્રાસંગિક વિવેચનો, ઊહાપોહ અને ચર્ચાઓને અવકાશ આપી શકે એવા સામયિકની જરુરીયાત વર્તાતા ઈ.સ. ૧૯૩૬ એપ્રીલ-જૂનમાં ફાર્બસ ગુજરાતી સભા દ્વારા 'ફાર્બસત્રૈમાસિક' ડેમી સાઈઝના ૧૨૦ પૃષ્ઠો સાથે પ્રકટ થયું. 'રળતરની આશા સિવાય' સચિત્ર ફાર્બસની લવાજમ કિંમત રુ. ત્રણ રાખવામાં આવેલી. પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઈતિહાસ અને ગુજરાતી સાહિત્યના સંશોધન અને, વિવેચન, વીશદીકરણ અને પ્રકાશન કાર્ય કરવામાટે પ્રતિબધ્ધ એવા તંત્રીનો સ્પષ્ટ મત હતો કે, 'ઈતિહાસ એટલે કેવળ રાજ્યવ્યવસ્થાનો જ ઈતિહાસ નહીં., સાહિત્ય એટલે પ્રાચીન કાવ્ય, આખ્યાનાદી નહીં પણ ગુજરાતની તે કાળની સંસ્કૃતીને સંસ્પર્શતી, તે કાળની સંસ્કૃતીમાં અંશાશી ભાવથી યોગ્ય ભાગ ભજવી રહેતી વિવિધ વિદ્યાઓ, શિલ્પ-સ્થાપત્ય, ચિત્રણ આદી કલાઓ વગેરેની તવારીખ હકીકત પણ ખરી તેમ એ સહુની મંડનાત્મક ચર્ચાઓએ ખરી-એ સહુને પણ આ ત્રૈમાસિકમાં યથાયોગ્ય સ્થાન છે.' તંત્રી ગુજરાતના પ્રાચીન સમયના નામાંકીત શહેરો, રાજધાનીઓ આદીની ઐતિહાસિક તવારીખોને પૂરતો અવકાશ ફાળવવાની તે ઉપરાંત ગુજરાતનાં પ્રચલિત પુરાતન ધર્મો, મતો-સંપ્રદાયો આદી શુ ગુજરાતની તે કાળની સંસ્કૃતિમાં એ અને

પ્રજાપડતરમાં ઉપયોગી થયેલા વિષયોની વિશદ તવારીખોને અને તેનાં શુધ્ધ-સાહિત્યને 'ફાર્બસ'માં યોગ્ય સ્થાન આપવા માગે છે. પરંતુ સાથે ટકોર પણ કરી લે છે કે : 'જ્ઞાતિ[illegible]ડા કે ઝેરીલી ટીકાઓ અને ઉહાપોહોથી પર અવશ્ય હોવા જોઈએ'. ગુજરાતનાં ઈતિહાસ અને સાહિત્ય પર પ્રકાશ પાડનારા રાસા, રાસડા, શલોકા, પવાડા, લોકગીતો, લોકસાહિત્યને ત્રૈમાસિકમાં પ્રકટ કરવાની, હસ્તલીખીત સામગ્રીનું અને વિધ્વાનોનાં વ્યાખ્યાનોનાં પ્રકાશનની 'ફાર્બસ' પ્રથમ અંકથી જ તૈયારી જાહેર કરે છે.

ફાર્બસના સંપાદન તરીકે અંબાલાલ બુ. જાની અને વ્યવસ્થાપક કમિટિમાં એ સમયનાં પ્રસિધ્ધ સાક્ષરો કૃ. મો. ઝવેરી, હરસિધ્ધભાઈ દીવેટીયા, ક.મા. મુનશી પોપટલાલ ગોવિંદલાલ શાહ હતાં. ગુજરાતની સંસ્કૃતિનાં ઈતિહાસને પ્રકટ કરવા માટેનાં સાધનોનો સંગ્રહ કરવાની જરૂરિયાત પર એમણે એમનું લક્ષ્ય કેન્દ્રિત કર્યું. 'ભવિષ્યમાં આ ત્રૈમાસિકને ઉત્તેજન મળશે તો તેને માસિક બનાવવાની આશા સભા રાખે છે' એવા હરસિધ્ધભાઈ દિવેટીયાનાં ઉત્સાહભર કથનનો પ્રતિસાદ ગુજરાતે આજ સુધી ક્યાં આપ્યો છે !

પ્રારંભિક ગાળાના 'ફાર્બસ'માં ઐતિહાસિક વિષયોને સ્પર્શતા સંશોધીત લેખોનું પ્રમાણ જોવા મળે છે. પ્રથમ અંકમાં ગુજરાતી સાહિત્ય સંશોધનનાં મુખ્યપ્રશ્નોની ચર્ચા ક. મા. મુનશી ધ્વારા થઈ છે. મોગલોનાં સમયમાં ગુજરાતની લશ્કરી વ્યવસ્થા વિશે કૃ. મો. ઝવેરી, હિંદનાં પ્રાચીન સિક્કા પર ગિરજાશંકર વલ્લભજી આચાર્ય, બૌધ્ધ સાહિત્યમાં ગુજરાતનાં નગરો – ધનપ્રસાદ મુનશી જેવા સિધ્ધહસ્ત સાક્ષરોનાં લેખો પ્રકાશિત થયા છે. કેશવ ધ્રુવ ધ્વારા 'સત્યભામાનાં અપહરણનું ચિત્ર' નાટક પ્રાપ્ત થાય છે. તો વિશ્વરશ્મિ જેવો વિજ્ઞાનલેખ પોપટલાલ શાહ પાસેથી મળે છે. બીજ જ અંકે ' જુગટે કોઈ રમશો નહી રે...' શીર્ષક અંતર્ગત સંશોધીત આસ્વાદ્ય કરુણકાવ્ય ચતુરભાઈ પટેલનાં નામે પ્રકાશિત થયું છે. જેમાં મહાભારતના કથાનકને લોકજીવનમાં વણીને એક સાધ્યંત કરુણ રસિક ચિત્ર રમતું થયું છે. આ અંકમાં કવિ લલિતે આશા દર્શાવતા લખ્યુ છે કે : ' ગુજરાતની પ્રજા કેવળ વર્તમાન ગાર્થિકતામાં રચીપચી ન રહેતા ભાવિ અને ભૂતકાળને પોતાનામાં પ્રત્યક્ષ કરતા ને તે પ્રમાણે નવીન ગુર્જરી સંસ્કૃતિનાં વાસ્તવિક રુપરંગ પ્રગટાવતા શીખશે ને એમ જ આર્યભારતની નિત્યનૂતન સંસ્કૃતિમાં પોતાના જન્મસિધ્ધ રંગ પૂરશે. આવા ત્રૈમાસિક ધ્વારા ત્રિકાલ દ્રષ્ટાઓનાં આ – જીવન અભ્યાસવૃંદ વધે અને

ગુર્જર સુરાષ્ટ્રની સર્વાધિકતાનાં સત્ફલ સર્વ ભોગવે'. આમ, પ્રથમથી જ ફાર્બસની મુદ્રા અભ્યાસશીલ સામયિક તરીકે ઉપસી. સંશોધનનાં વાતાવરણને તૈયાર કરવાનું, વિશદ ઉહાપોહ, મંડનાત્મક ચર્ચાઓ ઘડવાનું કાર્ય ફાર્બસે ઉપાડયું. શુધ્ધ સાહિત્યના, ગુજરાતી ભાષા વિષયક, વ્યાકરણ અને ભિન્ન ભિન્ન કલાઓને લગતા સળંગ લેખો 'ફાર્બસ'ની વિશિષ્ટતા છે. નકશાઓ, આલેખો, ફોટોગ્રાફસની મદદ વડે વિષયની પૂર્ણતઃ સમજ કેળવવાનો પ્રયાસ નજરે ચઢયા વિના રહેતો નથી. મધ્યકાલીન કે ભારતીય સંસ્કૃતિની અપ્રસિધ્ધ સામગ્રીનાં સંશોધન લેખોની સાથે કવિતાના સ્થિત્યંતરોને તાકતા લેખો 'નવીન' કવિતાનું વલણ' (મગનભાઈ દેસાઈ) પણ પ્રકટ થાય છે એ સૂચક છે. 'સમલોચના' વિભાગ અંતર્ગત નવા પુસ્તકોનું અવલોકન, સમીક્ષાઓ પ્રકટ થઈ છે. ચર્ચાપત્રો, સંસ્થા સમાચારો, પુસ્તક સ્વીકાર અને આપણું બીજા સામયિકોમાંથી વિભાગો ફાર્બસના નિયમિત પ્રસિધ્ધ થતા વિભાગો હતા.

આદ્ય સંપાદક અંબાલાલ જાનીથી માંડીને હાલના મંજુ ઝવેરી સુધીમાં પ્રવીણ રુપારેલ, બિપિન ઝવેરી, શંકર પ્રસાદ રાવળ, ભુપેન્દ્ર ત્રિવેદી તથા ભૃગુરાય અંજારિયા જેવા નામી વિધ્વાનોએ 'ફાર્બસ' નું સંપાદન કાર્ય સંભાળ્યુ છે. મુખપૃષ્ઠ પર કોઈ મહાનુભાવનું સાહિત્ય, કળાચિંતન, કોઈ પુસ્તકના અંશો પ્રકાશિત કરવાની પરંપરા પણ વર્ષોથી જોવા મળતી રહી છે. બળવંતરાય, આનંદશંકર, રવિન્દ્રનાથના કે ભગવદ્ગો મંડળના વિચારો 'ફાર્બસ'ના મુખપૃષ્ઠ પર જોવા મળે છે. આમ જોઈએ તો 'ફાર્બસ'નાં સંપાદનમાં સંશોધનાત્મક અને વિવેચનાત્મક સાહિત્યની રજૂઆત અંગે કોઈ નૂતન પરિવર્તન આવ્યુ નથી. પણ આધુનિક સાહિત્યના વિવેચનને એમા પ્રવેશ મળ્યો છે. માત્ર પ્રાચીન- મધ્યકાલીન સાહિત્યની આબોહવા ઉપરાંત અર્વાચીન અને આધુનિક સાહિત્યની નવ્ય વિવેચના અને વાદ- વિવાદોનો, વિવિધ સાહિત્યસ્વરુપો પ્રત્યેની સંક્રાતિનો ઝોક પણ 'ફાર્બસ' માં પ્રકટ થતો રહયો છે. સાહિત્ય સાથે માનવવિદ્યાઓની અન્ય શાખાઓમાં રસ ધરાવતા 'ફાર્બસ' ની મુદ્રા આજના સમયે પણ ગંભીરપણે કામ કરનારા અભ્યાસીઓ માટેના સામયિક જેવી રહી છે. સંપાદક મંજુ ઝવેરીની વિવિધ વિષયોને અવલોકવાની રીતી અને વિષયનું ઊંડુ અવગાહન 'સંપાદકીય' લેખમાં સબળ રીતે વિ ઉપસે છે. 'ફાર્બસ'માં પ્રકટ થતા લેખો જુદા જુદા વિભાગો પણ એ સૂઝબૂઝનું સફળ પરિણામ છે.

<u>પ. ૦ અન્ય વિશિષ્ટ સામયિકોની પરંપરાઓ -જુદી તરાહો :</u>

આ સમયગાળામાં ગાંધીપ્રભાવને કારણે જન્મેલી સાદગીભરી ભાષા, શિક્ષણ પ્રત્યેનો સકારાત્મક અભિગમ અને પત્રકારત્વનાં વિકાસની આબોહવાએ અનેક સામયિકોને પ્રકટ થવાની આશા જન્માવી હતી. આમ પણ દરેક દેશ પ્રદેશે એક જ સમયખંડમાં નાના મોટા સામયિકોનો નિરંતર પ્રવાહ વે વહેતો રહેતો હોય છે. હોવો જોઈએ કેમ કે એક અર્થમાં માનવીના જીવંતપણાનો એ ધબકાર છે. માનવવિદ્યાઓને, કળાઓઓને તેમજ સામે પડેલા યુગ પ્રશ્નોને સમજવા આવા સામયિકો ચાવીરુપ ભૂમિકા ઘડી આપતા હોય છે. એ સાથે આ સમયમાં પ્રકાશિત થયેલા સામયિકોમાંથી કે કોઈ ઉત્સાહભેર સ્થિર થયા છે તો સ્થિર થઈ ચૂકેલા સામયિકો બંધ પણ પડયા છે. સામયિક પ્રવૃત્તિની ગતિશીલતા વચ્ચે પોતાના વિશિષ્ટ કાર્યનો ચમકારો બતાવીને અદૃશ્ય થયેલા કેટલાક નોંધનીય સામયિકો તરફ એક દષ્ટિ ઠેરવીએ. ૧૯૧૬માં પુરુષોત્તમવિશ્રામ માવજીએ પૌરાણિક સાહિત્યને મહત્વ આપતું 'સુવર્ણમાળા' નામે સામયિક શરૂ કરેલુ. આ સામયિક ક્યારેક માસિક રુપે તો ક્યારેક ત્રૈમાસિકરુપે અને ક્યારેક તો વર્ષ પછી દેખા દેતું હતું. 'સુવર્ણમાળા' માં પ્રકટ થયેલા આકર્ષક ત્રિરંગી ચિત્રો, સર્જનાત્મક, વિવેચન અને સંશોધનનાં લેખો આ સામયિકનું જમા પાસુ છે. એ ઉપરાંત જ્યોતિષ, કૃષિ, ઈતિહાસ, રાજકારણનાં અને અધ્યાત્મનાં વિષયો એમાં ચર્ચવામાં આવતા. ૧૯૨૨નાં વર્ષ માં 'સાબરમતી' , 'યુગધર્મ' અને 'પુરાતત્વ' જેવા સામયિકો શરૂ થયેલા. 'કેળવણી' શબ્દને સાર્થક કરવા મથતાં 'સાબરમતી' ગુજરાત વિદ્યાપીઠમાંથી છ માસિક સ્વરુપે પ્રકટ થતું હતું. 'નદી મુખેનેવ સમુદ્રમાં વિશેત' જેવો મુદ્રાલેખ ધારણ કરેલા આ સામયિકે વિદ્યાર્થી અવસ્થાએ લખતા કેટલાક સર્જકોને ઘડવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ધર્મ, સમાજ, રાજકારણ, સાહિત્યનાં વિષયોમાં વિદ્યાર્થીઓ એ અને કેટલીક વાર અધ્યાપકોએ લખેલા લેખો પ્રકાશિત થતાં. કિશોરલાલ મશરુવાળાનાં વિદ્યાર્થીઓ સાથેનાં વાર્તાલાપો પણ 'સાબરમતી'માં સ્થાન પામેલા છે. 'સાબરમતી' ને નગીનદાસ પારેખ, સુન્દરમ્ની સંપાદકીય સૂઝનો લાભ મળેલો છે. તંત્રીઓનાં સતત બદલાવને કારણે તેમાં સંપાદનની તાજગી વર્તાય છે.

રા. વિ. પાઠક, સ્નેહરશ્મિ, કાલેલકર, મૂળશંકર ભટ્ટ, સુન્દરમ્ જેવા સારસ્વતો આ સામયિકનાં પ્રમુખ લેખકો હતા. 'સાબરમતી' સાત આઠ વર્ષમાં જ બંધ પડ્યું. પરંતુ વિદ્યાપ્રવૃત્તિની સાથે ચાલતા આ પ્રકારનાં સામયિકની એક વિશિષ્ટતા તે આંકી જાય છે. ઈન્દુલાલ યાજ્ઞિકની ઉત્કટ રાષ્ટ્રભક્તિ અને એ ભાવનાનાં અસરકારક પ્રચારાર્થે 'યુગધર્મ' પણ આ સમયખંડનું સંતાન છે. માત્ર ચાર વર્ષ નાં સમય સુધી જ તે ચાલ્યું. પરંતુ એ સમય દરમિયાન 'યુગધર્મ'નો વ્યાપ વિશ્વસ્તરનાં ઈતિહાસ અને જાત રાજકારણને આવરી લેતો હતો. દેશની સ્વતંત્રતા અને વૈચારિક ભૂમિકા ઘડવામાં 'યુગધર્મ' નો વિશેષ ફાળો છે. સ્વાતંત્ર્ય માટે લડતી પ્રજાઓની ભાવનાઓ વિશે અહીં મળતી જાણકારી રસપ્રદ છે. ઈન્દુલાલ પછી કેટલોક સમય 'યુગધર્મ'નું તંત્રીપદ ડો. સુમંત મહેતાએ સંભાળ્યુ હતું. ૧૯૨૪થી રા.વિ. પાઠક એમના તંત્રી થયા. પત્રકારત્વની આ અનુભવ નિશાળમાં પક્વ થયેલા રામનારાયણે 'પ્રસ્થાન' જેવું સમૃધ્ધ સામયિક ગુજરાતને આપ્યુ તેમાં નિમિત્ત તો છે આ 'યુગધર્મ'. ચારવર્ષ બાદ 'યુગધર્મ' મુનશીના તંત્રીપદે ચાલતા 'ગુજરાત'માં ભળી ગયું.

સાર્વત્રિક સંસ્કારિતાના પ્રસાર અને કેળવણીને રાષ્ટ્રીય કરવાનાં ઉદ્દેશ સાથે 'પુરાતત્વ' આશ્વિન, સં. ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨) માં પ્રકટ થયું. એમના સંપાદક રસિકલાલ પરીખ હતા. ગાંધીજીનાં સીધા માર્ગદર્શન નીચે સ્થપાયેલી ગુજરાત વિદ્યાપીઠમાં સ્થાયેલા પુરાતત્વ મંદિરનું એક અંગ એટલે 'પુરાતત્વ' ~~માસિક~~ ત્રૈમાસિક.

આ ત્રૈમાસિકમાં ઈતિહાસ, દર્શનશાસ્ત્ર, વિજ્ઞાનધર્મ, સ્થાપત્ય, કળા, ગુજરાતી ભાષા ઉપરનાં લેખો સ્થાન પામતા. સંસ્કૃત નાટ્ય સાહિત્ય, શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ, પૃથ્વીનું સ્વરુપ, આપણું ઐતિહાસિક સાહિત્ય, કૌટિલ્યનું અર્થ શાસ્ત્ર, ભારતીય સંગીતનું ઐતિહાસિક અવલોકન' આ પ્રકારનાં ઊંડા અભ્યાસ-પૂર્ણ, સંશોધનાત્મક, માહિતીપ્રદ લેખો વાચકોને માટે જ્ઞાનનાં પ્રકાશ સમાન હતા. 'પુરાતત્વ' માં રસિકલાલ છો. પરીખ, હીરાલાલ પારેખ, રામનારાયણ પાઠક, પંડિત બેચરલાલ દોશી, દુર્ગાશંકર શાસ્ત્રી, નારાયણ ખરે, ધર્માનંદ કોસમ્બી જેવા અનેક સિધ્ધહસ્ત સર્જકોએ 'પુરાતત્વ'ને અભ્યાસપૂર્ણ સામગ્રીથી સુસજ્જ બનાવ્યું.

બટુભાઈ ઉમરવાડીયાએને વિજયરાય વૈદ્યની પ્રતિભાના ઝળહળાટ સમુ 'ચેતન' જુલાઈ ૧૯૨૦માં પ્રકટ થયું હતું. તે માત્ર ત્રણવર્ષ સુધી જ ચાલ્યું, પરંતુ એ ટૂંકાગાળામાં પણ ઉમરવાડીયા અને વિજયરાયની નિષ્ઠાવંત સંપાદક તરીકેની દૃષ્ટિનો પરિચય પામી શકાય છે. એના પહેલા જ અંકમાં 'ચેતન'- તેની ભાવના અને કાર્યક્રમ જેવો લાંબો લેખ લખીને વિજયરાયે તત્કાલીન ભાવનાશાલી યુવાવર્ગ નાં સ્વાતંત્ર્યનો ઢંઢેરો પીટ્યો હતો. 'ચેતન'માં કિશોરીલાલ શર્માને નામે બટુભાઈ અને મયૂરાનંદ શર્માનાં નામે વિજયરાય લખતા. તે ઉપરાંત વિજયરાયનાં ક્રિટીક, 'વિનોદકાંત, મોટાલાલ જેવા ઉપનામો પાછળની પ્રેરણાના મૂળમાં 'ચેતન' રહેલું છે. આ સિવાય ન્હાનાલાલ, ખબરદાર, રમણલાલ દેસાઈ, વિષ્ણુ-પ્રસાદ ત્રિવેદી, દેશળજી પરમાર, જ્યોત્સના શુક્લ, ધૂમકેતુ, ચંન્દ્રશંકર બુચ જેવા અનેક સર્જકોની કૃતિઓ એતને પ્રકાશિત કરી છે. 'ચેતન'નો પ્રથમાંક 'ટાગોર અંક' રુપે પ્રકાશિત થયેલો જ્યારે જાન્યુઆરી, ફેબ્રુઆરી ૧૯૨૧નો અંક'હાજી સ્મારક અંક' રુપે પ્રસિધ્ધ થયેલો. જે,'ચેતન' ની દિશાને ચીંધી આપે છે. 'ચેતન' નાં બીજા વર્ષના અંકોમાં પણ ઘણું વૈવિધ્ય છે. 'વસંત' જેવા સામયિકનું અનુકરણ કરીને એના પહેલા પૂઠાં પર ન્હાનાલાલ કે કલાપી, મલબારી કે ઠાકોર, 'કાન્ત', જેવા કવિઓનું કાવ્ય અપાતું તો એના છેલ્લાં પૂંઠા પર 'જીવનપંથે' પ્રકાશ' મથાળે પૂર્વ-પશ્ચિમનાં કવિઓ-વિચારકોની પંક્તિઓ અપાતી, મુનશીની સર્વ પ્રથમ સામાજીક નવલકથા 'કોનો વાંક' 'ચેતન' માં બીજીવાર લખાઈને હપ્તાવાર પ્રકટ થયેલી. ખાસ તો, 'ચેતન'ની લેખસામગ્રી અવલોકવા જેવી છે. ઉંડાં અભ્યાસશીલ લખાણો 'ચેતન' નું આકર્ષક પાસુ હતું. રવીન્દ્રનાથ વિશે મંજુલાલ દવેનો આઠ પાનાનો લેખ, મોહનલાલ દવેનો 'નર્મદ' પરનો લેખ તેમજ માણશંકર મહેતાની 'વેદકાલીન મહાયુધ્ધ દાશરાજ્ઞ વિગ્રહ' અને ર.વ. દેસાઈની 'પ્રજાતત્વ અને ગુજરાતી પ્રજાનાં લક્ષણો' જેવી લેખમાળા વિજયરાયની સંપાદક પ્રતિભાનો અણસાર આપે છે. ૧૯૨૩માં 'ગુણસુંદરી' નામે પ્રસિધ્ધ થયેલું સામયિક મૂળે તો સ્ત્રી વિષયક પ્રશ્નોને વાચા આપતું સામયિક હતું. ગૃહજીવન, જાહેર-જીવન, ધાર્મિક, સામાજિક પ્રશ્નો, ગૃહવ્યવસ્થા, બાળઉછેર જેવા અનેક વિષયનો

આદર્શ સ્ત્રી જાગૃતિ અને સુધારણાનો રહેલો. જયકૃષ્ણ વર્માના તંત્રીપદે ચાલેલા આ સામાયિકે સ્ત્રી જાતીની સામગ્રીઓને સચિત્ર આપવાનો પુરુષાર્થ કરેલો તો ખાસ કોઈ એક જ વિષયને સ્પર્શતુ હોય તેવું સામાયિક 'રંગભૂમિ' પણ આ ગાળાનું નોંધનીય ત્રૈમાસિક છે. નાટક, રંગભૂમિના ઉધ્ધાર અર્થે, 'રંગભૂમિ'ના વ્યવસાય પ્રત્યેની સૂગ દૂર કરવા અને રંગભૂમિની પ્રતિષ્ઠા કરવા વિભાકરે આ સામયિકમાં પ્રાણ રેડયો હતો. દેશ-વિદેશની રંગભૂમિઓનો પરિચય, નાટકોની વિશદ ચર્ચા, સમીક્ષાઓ આ સામયિકોનું નોંધપાત્ર પ્રદાન છે. રંગભૂમિની શકયતાઓ વિશે વિચારવા મથતા આ સામયિકે અન્યક્ષેત્રોને પણ સામયિક પાને સ્થાન આપવા માંડયુ ત્યારે વધેલા આ વ્યાપને કારણે રંગભૂમિ ચાલ્યુ નહીં અને માત્ર એક વર્ષના ગાળામાં જ ઉદ્દેશીના 'નવચેતન' સાથે તે જોડાઈ ગયું. ૧૯૨૪ ના વર્ષમાં કેળવણીને વરેલી પ્રસિધ્ધ સંસ્થાએ 'દક્ષિણામૂર્તિ' નામનું ત્રૈમાસિક શરુ કરેલું. શિક્ષણના ક્ષેત્રમાં પડેલી વિધવિધ શકયતાઓનો તાકવા માટે શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલો શોધવાનુ એમણે મહત્વનું કાર્ય કર્યું. સ્વતંત્રરુપે અને મૌલિકલેખોનો પ્રકાશનમાં નવી કેળવણી વિષયક વાતાવરણ જન્માવવામાં આ ત્રૈમાસિકનો મહત્વનો ફાળો છે. ચિત્રો અને તસવીરોથી ભરપૂર એવું 'શારદા' માસિક ૧૯૨૪ ના એપ્રિલમાં ગોકુળદાસ રાયચૂરાએ રાજકોટમાંથી શરુ કરેલું. અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રકટ થતાં 'શારદા' માસિકનાં ૧૦૦ પૃષ્ઠોમાં કાવ્ય, નાટક, ઐતિહાસિક કથા, નાટિકા, રમતજ્મત, ઈતિહાસલેખ, દુહા, પુસ્તક પરિચય, વિચારનોંધ, વ્યાયામ, વર્તમાન બનાવો પર ચર્ચા કરતા લેખો, ચારિત્રો જેવું વૈવિધ્ય રહેતું અન્ય સામયિકોમાંથી વાચનયોગ્ય એવી સામગ્રી 'મહાગુજરાત' શીર્ષક હેઠળ પ્રકટ થતી. દેશ-વિદેશમાં સમકાલીન બનાવો ઉપર 'દુનિયાનો ડાયરો' નામે નિયમિત નોંધ આવતી. એસ. એમ.ડાભીના ઠઠ્ઠા ચિત્રો, પોરબંદરના ઉદ્યોગપતિ નાનજી કાલીદાસ મહેતાએ પોતાની યુરોપ મુસાફરી અંગે લખેલી લેખમાળા, પ્રભુદાસ નંદલાનીની એંશી દિવસના દુનિયાની મુસાફરી જેવી લેખમાળાઓ ધ્યાનાર્હ છે. 'શારદા' નાં પૃષ્ઠો પરની મેધાણી, ડોલરરાય માંકડ, કુસુમાકર, જદુરાય ખંધેડીયા, અનંતરાય રાવળ, ધૂમકેતુનાં લખાણો પ્રકટ થયા છે. તંત્રીરાયચૂરાનો લોકસાહિત્ય પરનો વિશદ અભ્યાસ અને એ વિષય પરના પુસ્તક સર્જનોનાં કારણે 'શારદા' સ્વાભાવિક રીતે જ

લોકસાહિત્યની દીશા તરફ વધુ ઢળતુ હતું. 'શારદા'નાં એક જ વર્ષમાં ચાર જેટલા ખાસ ખ અંકો પ્રકટ થતાં. એમાં લોકસાહિત્ય પ્રતિ લોકરુચિ જગાવવાનો નમ્ર પ્રયાસ થયા કરે છે. તંત્રી અંકો ધ્વારા જે-તે સામયિકોનાં તંત્રી સંપાદકોનાં વિચાર-વલણો જાણવાનાં નૂતન પ્રયાસો રાયચૂરાએ કર્યા હતા. ૧૯૨૫નો જાન્યુઆરીનો અંક અને ૧૯૨૭નો જાન્યુઆરી અંક, ૧૯૨૮માં પ્રકાશિત થયેલા આ અંકો કોઈ વિશેષ અસર ઉભી કરી શકે એવું બનવા પામ્યુ નથી. મટુભાઈ કાંટાવાળા(સાહિત્ય)થી માંડીને 'શારદામહેતા (મહિલામિત્ર) નાં વિવિધ વિષયો ઉપરનાં લેખો આ અંકોમાં પ્રકટ થયા હતા. સંપાદન કાર્ય અને એના સંચાલનમાં ઉભા થતાં પ્રશ્નો પત્રકારત્વ પરની વિચારણા આ અંકોમાં નહિવત્ છે. 'શારદા' નાં અંકોમાં રાયચુરાની સામયિક નિષ્ઠાનો અંસાર મળે છે. એમના પ્રકાશિત થનારા આગામી અંકની સામગ્રી નોંધ વાચકોને અગાઉથી આપવામાં આવતી. લેખ સાથે લખેકનો ફોટોગ્રાફ આપવાની પ્રથા પણ 'શારદા'માં જોવા મળે છે. લોકસાહિત્યનાં સંશોધનને, નવોદિત સર્જકો અને સંશોધકોને પ્રકટ કરવા માટે રાયચૂરાએ જે મહેનત દાખવી એમા 'દટાયેલા ખજાના ખોળી કાઢવા' નોરરાયચૂરાનો ઉત્સાહ કારણભૂત છે. રાયચૂરાએ લખ્યુ છે : 'નામના મેળવી ચૂકેલા લેખકો ગમે તેવું લખે છતાં એ સારૂં છે તેમ હું માનતો નથી. તેના કરતા અજાણ્યા અને યુવાન લેખકો સારુ લખે તેને આગળ લાવવાનો 'શારદા'નો આશય છે.[૧૯]

નવોદિતોને સત્કારવાની શ્રૈં અને એમનામાં પડેલી સર્જક શકિતને ઘડવા માટે રાયચૂરા પ્રતિબધ્ધ હતા તે આ વિધાન પરથી જાણી શકાય છે. ૧૯૨૪માં શરુ થયેલા આ સામયિકે સતત ૪૦ વર્ષથી વધુ સમય સુધી પોતાની સાહિત્ય સેવા શરુ રાખેલી, સચિત્રતા અને લોકસાહિત્યનાં સંશોધિત લેખ -સર્જનો 'શારદા'નું આકર્ષક પાસુ હતું. જે -તે પ્રદેશની જીવંત લોક પરંપરાની વાચા આપવા તૈયાર થયેલા સંશોધકો એઅલે એ ક્ષેત્ર પરત્વે દિશા ચિંધવા માટે 'શારદા'ની સેવા અપૂર્ણ ગણાય. નાનાલાલે રાયચૂરાની સેવાને બિદાવતા યોગ્ય નોંધ્યુ છે : હાજી મહંમદ પછી સહૃદયી તંત્રી જો ધ્યાનમાં આવતો હોય તો એ રાયચૂરા છે.[૨૦]

પુસ્તકાલય પ્રવૃત્તિનો સમગ્ર ઈતિહાસ જાણવા માટે 'પુસ્તકાલય' માસિકપાસે જવુ પડે. આ પ્રવૃત્તિ વિશેષક એકધારી સંગીન સેવા આપતું આ માસિક ૧૯૨૬માં

વડોદરાથી શરું થયેલુ. 'પુસ્તકાલય'માં સાહિત્યનો મિતાક્ષરી પરિચય, પ્રસિધ્ધ થતાં નવા પુસ્તકો અંગેની માહિતી અને અન્ય માસિકોમાંથી ઉત્તમનું ચયન કરી વાચકોને વિવિધ વિષય તરફ દોરવાનું વલણ આજે પણ પ્રકટ થતાં 'પુસ્તકાલય' નો વિશેષ છે.

૧૯૩૦માં પ્રકટ થયેલું ઊર્મિ સાહિત્ય સામયિક તરીકે નોંધનીય ઉન્મેષો દાખવે છે. કવિહદય ધરાવતા ઈન્દુલાલ ગાંધીની સાહિત્ય નીષ્ઠા અને મમત્વને કારણે આ 'ઊર્મિ'નો આરંભ થયેલો. જેના સંપાદક મંડળમાં ડોલરરાય માંકડ, ચમનલાલ ગાંધી, મોહનલાલમહેતા, 'સોપાન' જેવા વિધ્વાનો હતાં. ૧૦ વર્ષના ગાળા બાદ 'નવરચના' 'ઊર્મિ' ની સાથે જોડાયું ' અને – 'ઊર્મિ'–નવરચનાનું વ્યકિતત્વ વિકસ્યુ. 'નવરચના' એ રચનાત્મક કાર્યક્રમનું મુખપત્ર હતું. 'ઊર્મિનવરચના' માં મેઘાણી, ઈશ્વર પેટલીકર, ધૂમકેતુ, સોપાન અને અન્ય અગ્રણી સર્જકોનાં લેખો સર્જનાત્મક સાહિત્ય,મે અને વિધ્વાનોનાલેખો પ્રસિધ્ધ થતાં. લાંબા સમય સુધી ચાલતા રહેતા સામયિક તરીકે જ નહીં પણ ' ઊર્મિનવરચના' શીર્ષક મુજબ ઊર્મિ અને નવરચના નાં પ્રવાહો અવલોકતા સામયિક તરીકે એમનું મહત્વ છે.

મગનભાઈ દેસાઈનાં તંત્રીપદે ૧૯૩૮માં જાન્યુઆરીમાં મુંબઈથી 'માધુરી' નામનું ત્રૈમાસિક પ્રકટ થયેલું. આ ત્રૈમાસિકમાં કવિખબરદાર, ઉમાશંકર જોશી, હિંમતલાલ અંજારિયા, સ્નેહરશ્મિ, સુંદરજી બેટાઈ, બ્રોકર, જ્યોતીન્દ્ર દવે, વિજયરાય, અનંતરાય રાવળ જેવા ખ્યાતિપ્રાપ્ત સર્જકો અને સંશોધકો લખતા. એક ત્રૈમાસિકનાં સ્વરુપે 'માધુરી'ની છબી કોઈ વિશિષ્ટ દિશાની બને એ પહેલા એ બંધ થયું.

વાર્ષિકો પ્રકટ થવાની શરુઆત પણ આ સમયની નોંધનીય ઘટના છે. ૧૯૩૩–૩૪ માં મુંબઈની સેઈન્ટ ઝેવિયર્સ કોલેજનાં સાહિત્ય મંડળ તરફથી ગૌરી પ્રસાદ ઝાલા અને ભાનુશંકર વ્યાસ 'બાદરાયણ' નાં તંત્રીપદે 'રશ્મિ'પ્રકટ થવા માંડેલું. સર્જન, વિવેચન અને સંશોધનનાં ક્ષેત્રે તેમજ સાહિત્યના અનેક સ્વરૂપો વિષયક પ્રકટ થયેલી લેખસામગ્રી 'રશ્મિ'ના અંકોની વિશેષતા છે. ઘણાં વર્ષો સુધી 'રશ્મિ' એ આ પ્રકારની સામગ્રી આપવાનું વલણ શરુ રાખેલું.

કાવ્યને જ વિષય બનાવીને પ્રકટ થયેલા સામયિક તરીકે 'કવિતા' સામયિક નોંધનીય છે. ઈન્દુલાલ ગાંધી મગનભાઈ દેસાઈ અને રતુભાઈ દેસાઈના તંત્રીપદે 'કવિતા'નું પ્રકાશન ૧૯૪૧ની પહેલી ઓગષ્ટે શરૂ થયું. કાવ્યરચનાઓની સાથે

કાવ્યસ્વરૂપને લગતા લેખો, વિવેચન, કૃતિસમીક્ષાઓ, કાવ્યની તાત્વિક વિચારણા કરતાં અભ્યાસ લેખોનું પ્રકાશન થતું. પૂજાલાલ, પતિલ, નાથાલાલ, સુંદરમ્, તેમજ નામી-અનામી અનેક સર્જકોની રચનાઓ 'કવિતાઓ'માં પ્રકટ થઈ છે. થોડા જ સમયમાં 'કવિતા' કાળગ્રસ્ત થયું. પરંતુ 'કવિતા'ની પ્રેરણા લઈને એકધિક સંખ્યામાં 'કવિતા' નાં સ્વરૂપ પર મીટ માંડનારા સામયિકોએ પછીનાં સમયમાં અસ્તિત્વમાં આવ્યા. આ ભૂમિકા રચવામાં 'કવિતા' નો ફાળો ગણનાપાત્ર છે.

જયંતી દલાલે ૧૯૩૯થી 'રેખા' નામના સામયિકનું પ્રકાશન આરંભ્યું. ૧૯૪૯ સુધીની એક દસકાની સાહિત્યિક પત્રકાર તરીકેની દલાલની વિવિધ મુદ્રા 'રેખા' માં જોઈ શકાય છે. સપ્ટે. ૧૯૪૯ થી 'રેખા' નું સંપાદન ઈશ્વર પેટલીકરે સંભાળ્યુ હતું. કૃષ્ણવીર નોંધે છે તેમ : 'રેખા' એટલે સર્જક અને વિવેચકની પ્રતિભા ધરાવતા જયંતીદલાલ,' પત્રકારત્વ ક્ષેત્રનો અનુભવ ધરાવતા પીઢ પત્રકાર નીરુ દેસાઈ મે અને વ્યંગ ચિત્રકાર ચકોર. આ ત્રિપુટીનુ અર્થ પૂર્ણ સર્જન [21] 'રેખા' માં સાહિત્યક ક્ષેત્રે નવોદિતોની પ્રતિભાઓનાં વિકાસની ઉત્તમ તકો સત્ત સાંપડી. નૂતન આબોહવાનો પદ સંચાર અનુભવી શકાય એ પ્રકાર નાં સર્જનો 'રેખા'માં પ્રકટ થયા છે. સર્જાતા સાહિત્યાનો વિધ્વાન લેખકો ધ્વારા થતી રહેલી સમીક્ષાઓ, વિશ્વ સાહિત્યનાં ઉત્તમ પુસ્તકોનો સાર અને પ્રયોગશીલ એકાંકીઓનો પ્રકાશન 'રેખા'નાં મહત્વનાં અંગો હતા. જયંતિ દલાલની મનનશીલ રાજકીય નોંધ અને ઉત્સવ પરીખનાં આંતરરાષ્ટ્રીય પ્રવાહોને અવલોકતી નોંધ 'રેખા' વાચકોને સાંપ્રત રાજકારણની વિચારગોષ્ઠિ પૂરી પાડતી. 'રેખા' એ સતત ઉચ્ચવાચનનો આગ્રહ સેવ્યો. નવી દષ્ટિ સાથે શરૂ થયેલા 'રેખા' સામયિકનું એ સમયમાં માનભર્યું સ્થાન હતું.

જાન્યુ. - ૧૯૪૪માં મોહનલાલ મહેતા 'સોપાન' મે અને કાંતિલાલ પરીખનાં સંયુકત તંત્રી પદે કલા-જીવન અને સાહિત્ય સંસ્કારનું માસિક 'પ્રતિમા' પ્રકટ થયું. ગુજરાતી સાહિત્યના અગ્રણી લેખકો જેવા કે ઠાકોર ધનસુખલાલ, જયોતીન્દ્ર, વિશ્વનાથભટ્ટ વગેરેના સર્જનાત્મક, વિવેચનાત્મક લેખો તેમાં પ્રકટ થતાં. બકુલેશ અને ગુલાબદાસ પણ તેમાં લખતા. વિદેશી સર્જકોના ઉત્તમ સર્જનોનાં અનુવાદો ધ્વારા

આ સામયિકે પ્રજા સમક્ષ મૂકી આપ્યા. વિશ્વસાહિત્યના સર્જનો તરફ દોરવણી આ સામયિકની મથામણે જગપ્રસિધ્ધ મોપાસાં, સીલ્વીઆ ટાઉનસેન્ડ, વોર્નર, ગોર્કી, વ્હાડીસ્લાઉ રેમન્ટ વગેરેની વાર્તાઓ આ સામયિકમાં પ્રકટ થતી રહેતી.

ગાંધીજીએ બે શાખાને સાથે રાખીને આરંભેલો સ્વાતંત્ર્ય માટેનો યજ્ઞ ૧૯૪૭મા આઝાદીનાં પરિણામે પામે છે. ૧૯૪૭ સુધીમાં ગુજરાતી સાહિત્ય પણ ઘણી નવી દિશાઓ તરફ વળવા લાગે છે. ગાંધીયુગીન ઉદ્‌બોધોને સમાવતી, આંતરિક સંવેદનનાં તારને રણકાવતી કવિતાનો તેમજ વિવેચનની નવી દિશાનો સંચાર થાય છે ને ઉમાશંકર જોશી આ નવા વલણોનાં પુરસ્કર્તા બને છે. એટલે એમને હાથે ૧૯૪૭માં જ આરંભાતું 'સંસ્કૃતિ' સામયિક પરંપરામાં પણ એક નવું સીમાચિહ્ન આંકનારી સાહિત્યિક પત્રકારત્વની પ્રવૃત્તિરૂપે મહોરી રહે છે. સભ્યતાની આધારશિલારૂપ સંસ્કૃતિને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીનાં કાળમાં પ્રકટ કરવા, સમૃધ્ધ કરવા અને તેનું સંવર્ધન કરવાનાં ઓરતા 'સંસ્કૃતિ' એ સેવ્યા. બીજી બાજુએ આ જ સમયમાં સુંદરમ્ દ્વારા સાહિત્ય સાથે અધ્યાત્મનાં સંદર્ભોને પણ સમાવતું 'દક્ષિણા' પ્રકટ થવા લાગે છે. એકંદરે જીવનને જ કેન્દ્રમાં રાખતું અને સામાન્ય જનતાનાં સંસ્કાર અને ધાર્મિક અને સામાજિક વલણોની જરુરિયાત પૂરી પાડતું અને વૈવિધ્યભર્યું વાચન આપતું, 'અખંડઆનંદ' પણ નવેમ્બર- ૧૯૪૭માં પ્રકટ થયું હતું. રોચક સામગ્રીથી ભર્યા 'અખંડઆનંદ'નાં કેન્દ્રમાં જીવન છે જ્યારે 'સંસ્કૃતિ' એ ઉમાશંકરની પ્રજ્ઞાનું સુફળ છે. એ અર્થમાં ગુજરાતની 'સાંસ્કૃતિક' યાત્રા 'સંસ્કૃતિ' દ્વારા શરૂ થાય છે. ભવિષ્યનો અભ્યાસી એના અધ્યયન તરફ પણ આકર્ષાશે એવી મોટી સમૃધ્ધિ એમાં પણ પડેલી છે જ.

એ પછી વળી સાહિત્યનાં નૂતન વલણો આકાર ધરે છે. અદ્યતનતા સર્જન-વિવેચનમાંને આખીય સાહિત્યિક પ્રવૃત્તિમાં પ્રસરે છે ને એના અગ્રણી સુરેશજોષી 'ક્ષિતિજ' દ્વારા એનો સીમા વિસ્તાર સાધે છે. (સુરેશ જોષીએ સામયિક સંપાદનની પ્રવૃત્તિતો ૧૯૪૩માં 'ફાલ્ગુની' વગેરે દ્વારા કરેલી પણ એમનું પ્રમુખ કાર્ય તો 'ક્ષિતિજ' થી જ આરંભાય છે. એટલે એને જ 'સાહિત્યક પત્રકારત્વ' નો પણ સીમા સ્તંભ ગણવો ઘટે) આ પણ એક સમૃધ્ધ ગાળો છે ને અભ્યાસીની

જિજ્ઞાસાને પોષે એવો છે.

આમ, 'વીસમી સદી' થી આરંભાતો, ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વનો એક મહત્વનો વળાંક 'સંસ્કૃતિ'નાં આરંભ સાથે આવી રહે છે. વિશ્વસ્તરે સાહિત્યમાં પ્રકટેલા વાદવિવાદોની ભૂમિકા સમજવા, ઉત્તમ અંશોનું પરિશીલન કરવામાં અને આપણાં વિવેચન સર્જનક્ષેત્રે ધરમૂળથી ફેરફારો લાવવામાં સ્વાતંત્ર્યોત્તર સામાયિકની ભૂમિકા તદ્દન અનોખી છે. બદલાતા સમય સંજોગોમાં વિધવિધ અવાજો ધરાવતા રામા સામયિકો 'સદા નીરા સરસ્વતી'ની જેમ જુસ્સાભેર પ્રકટતા સ્રોતની માફક તો કા ક્યાંક લુપ્ત થતા, કોઈ અપાર જળરાશિ જેમ વહી આવતા સામયિકો સાહિત્યવલણોને સમજવાનાં ચાવીરુપ સંદર્ભગ્રંથો જ છે. સમાજમાં એમનો વત્તાઓછા અંશે સ્વીકાર થયા કર્યો છે. પ્રજા એમને ટકાવે, સ્થિર કરે કે સામયિક ઝઝૂમે એ તમામ પાસાઓની વચ્ચે સામયિક પૃષ્ઠ પર અંકિત થતા સાહિત્ય-કળાનાં પ્રયોગો-અભિગમો અને સર્જન વિવેચનનાં વલણો આખરે તો નવીપેઢીને માટે રાજમાર્ગની ગરજ સારે એવો પ્રબળ ઈતિહાસ ધરાવે છે.

'વીસમી સદી' થી 'સંસ્કૃતિ'ના આરંભગાળા સુધીના સાહિત્યિક પત્રકારત્વના સમયખંડની આ યાત્રા અહીં અટકે છે. – ભવિષ્યની આવી જ કોઈ યાત્રા સાથે જોડવા માટે.

!!!!!XX!!!!!

○ સંદર્ભ :


૧ – ખબરદાર ( પરીષદ, ૭મી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ (૧૯૨૬), પૃ.૭૭ ૨ વૃત્તવિવેચન– રમેશ રંગનાથ ગૌતમ, પૃ. ૯૧ ૩ એજ. પૃ.૩૪૮ ૪ સ્મૃતિ-સંવેદન – ચાંપશી ઉદ્દેશી, પૃ. ૩૯ ૫ કૌમુદી – ૧૯૨૫ ૬ સ્મૃતિસંવેદન – ચાંપશી ઉદ્દેશી પૃ. ૩૧૦ ૭ એજ. પૃ. ૧૦૨ ૮ એજ. પૃ. ૬૪ ૯ 'પ્રત્યક્ષ' જુલાઈ–ડિસેમ્બર ૯૫, પૃ. ૨૮ ૧૦ 'માનસી' – ૧૯૩૬, અંક:૩ જાન્યુ–માર્ચ ૧૧ સાહિત્ય–૧૯૨૫, અંક : ૧ ૧૨ 'પ્રસ્થાન', અંક : ૧, કારતક: ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦) ૧૩ અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા– ધીરુભાઈ ઠાકર, પૃ. ૩૭૫ ૧૪ 'પ્રસ્થાન' – મહા– ૨૦૦૪ (ઈ.સ. ૧૯૪૮), પૃ. ૪૭

૧૫ રવિશંકરરાવળની ચિત્રપોથીમાં 'મારી ચિત્રસૃષ્ટિ' માંથી, ૧૬ 'કૌમુદી' આશ્વિન', ૮૧, પાનું :૨૨૯ ૧૭ કૃષ્ણવીર દીક્ષીતની પત્રકારત્વ પરની અપ્રકટ નોંધમાંથી ૧૮ રંગ, રૂપ અને રચના – 'ફૂલછાબ'ની કોલમ લે. પ્રતાપ-સીંહ જાડેજા, ૨૪ એપ્રીલ, ૧૯૯૪માંથી ૧૯ જુઓ : 'અખબારનું અવલોકન' – યાસીન દલાલ, પૃ. ૧૫૬ ૨૦ વીરડો (માસીક) એપ્રિલ : ૧૯૮૧, પૃ. ૯ ૨૧ કૃષ્ણવીરની પત્રકારત્વ પરની અપ્રકટ નોંધમાથી.